## સુવિચાર

અમુક સમયમાંથી પસાર થવાનું હોય છે અને અમુક સમયને પસાર કરી દેવાનો હોય છે...


RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

પડધરી પાસે ફેક્ટરીમાં રૂ.૨૭.૫૫ લાખની માલમત્તાની ચોરી
P-4

Year-16, Issue-200 ■ DATE : 06-12-2025 SATURDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ઇન્ડિગોમાં સંકટ યથાવતઃ આજે પણ બે હજાર ફ્લાઈટ રદ થતા અફડાતફરી

**ઈન્ડિગો સંકટ વચ્ચે સરકારનો મોટો આદેશ, બેફામ ભાડા વસૂલતી એરલાઈન્સ પર લેવાશે એક્શનઃ ગઈકાલે અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ એરપોર્ટ પર ૧૫૫ ફ્લાઈટ રદ કરવામાં આવી હતી**



**મુખ્ય સમાચાર, અમદાવાદ**
પાઈલટ્સ અને ક્રૂ-મેમ્બર્સની અછતને કારણે દેશની સૌથી મોટી એરલાઇનની કટોકટીનો આજે ચોથો દિવસ છે. ગઈકાલે (૫ ડિસેમ્બરે) ઈન્ડિગો એરલાઈન્સના CEO પીટર એલ્બર્સે સોશિયલ મીડિયા X પર પોસ્ટ કરી મુસ-ાફરોની માફી માગતા જણાવ્યું હતું કે, ૧૫ ડિસે. સુધીમાં જેનું બુકિંગ છે, તેણે હાલાકી ભોગવવી પડી શકે છે. જોકે, ગઈકાલે અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ એરપોર્ટ પર ૧૫૫ ફ્લાઇટ રદ કરવામાં આવી હતી.

આજે પણ ઈન્ડિગોની રાત્રિના ૧૨ વાગ્યાથી ૧૨ વાગ્યા સુધીમાં ૬૬ ફ્લાઈટ કેન્સલ થઈ છે. સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટના અધિકારીના જણાવ્યા મુજબ, અમદાવાદથી જતી ૩૫ અને આવતી ૨૪ ફ્લાઇટ એમ કુલ ૫૯ ફ્લાઇટ કેન્સલ થઈ છે. આ સાથે જ વડોદરા એરપોર્ટની ૬, રાજકોટ એરપોર્ટની એક ફ્લાઈટ રદ થઈ છે. દિવસ દરમિયાન તમામ એરપોર્ટ પર આવતી અને જતી ફ્લાઈટ એકંદરે અડધો કલાકથી વધુ મોડી પડી રહી છે. ફ્લાઈટની હાલાકીના કારણે અમદાવાદ એરપોર્ટ પર એક યુવતી રડી પડી હતી. ઈન્ડિગોની કેટલીક ફ્લાઇટ્સ ફરીથી રદ થવાને કારણે પેસેન્જરોની કતારો લાગી હતી. ઈન્ડિગો દ્વારા યોગ્ય જવાબ ન મળતો હોવાનો પણ આક્ષેપ મુસ-ાફરોએ કર્યો હતો.

દેશની ટોચની ઈન્ડીગો એરલાઈનમાં સર્જાયેલ અફડાતફડી આજે પાંચમા દિવસે પણ વધ્યુ છે અને ઈન્ડીગોએ ધીમે ધીમે વિમાની સેવાઓ યથાવત થશે તેવું આશ્વાસન આપ્યું છે.

તે વચ્ચે વધુ ૨૦૦૦ જેટલી ફ્લાઈટ રદ થતા મુસાફરોની મુશ્કેલી યથાવત જ રહી છે. આજે અમદાવાદથી સવારે ૬ વાગ્યા સુધીની ૧૯ ઉડાન રદ થઈ છે. અન્ય વિમાની મથકે પણ તેવીજ હાલત છે. તિરૂવન્તપુરમ વિમાની મથકની રદ થઈ છે.

છેલ્લા પાંચ દિવસથી આ પ્રકારે ઈન્ડીગો માટે સતત મુશ્કેલીઓ બની રહી છે. જેના કારણે ત્રણ લાખથી વધુ હવાઈ મુસાફરો માટે મુશ્કેલી સર્જાઈ છે. જો કે એરલાઈનને હાલ વિમાની ઉડાન ઓથોરિટીએ ફેબ્રુઆરી માસ સુધી નવા નિયમોમાં છુટછાટ આપી છે અને તેથી એરલાઈને તેના પાઈલોટને જૂના શેડયુલ મુજબના ડયુટી શેડયુલ મુજબ પરત આવવા જણાવ્યુ છે પણ હજુ તમામ પાઈલોટે તે રીતે ડયુટી સંભાળી નથી.

નાગરિક ઉડ્ડયન મંત્રાલયે ઈન્ડિગોમાં ચાલી રહેલા ઓપરેશનલ સંકટને કારણે એરલાઈન્સ દ્વારા વસૂલવામાં આવી રહેલા અસામાન્ય રીતે ઊંચા હવાઈ ભાડાની ગંભીર નોંધ લીધી છે. મુસાફરોને તકવાદી ભાવવધારાથી બચાવવા માટે, મંત્રાલયે તેની નિયમનકારી શક્તિઓનો ઉપયોગ કરીને અસરગ્રસ્ત તમામ રૂટ પર હવાઈ ભાડાની મહત્તમ મર્યાદા (ફેર કેપ) નક્કી કરી દીધી છે. મિનિસ્ટ્રી ઓફ સિવિલ એવિયેશન (MoCa) દ્વારા આ નિર્દેશ જાહેર કરવામાં આવ્યો છે.

મંત્રાલય દ્વારા શનિવારે જારી કરાયેલા એક સત્તાવાર નિર્દેશમાં તમામ એરલાઈન્સને આ નિર્ધારિત ભાડા મર્યાદાનું કડકપણે પાલન કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. આ ભાવ મર્યાદા ત્યાં સુધી લાગુ રહેશે જ્યાં સુધી ફ્લાઇટની સ્થિતિ સંપૂર્ણપણે સામાન્ય ન થઈ જાય. સરકારનો આ નિર્ણય એ સુનિશ્ચિત કરવા માટે છે કે મુશ્કેલીમાં મુકાયેલા મુસાફરોનું કોઈપણ પ્રકારે શોષણ ન થાય. આ સમયગાળા દરમિયાન જે નાગરિકોને તાત્કાલિક મુસાફરી કરવાની જરૂર હોય જેમાં વરિષ્ઠ નાગરિકો, વિદ્યાર્થીઓ અને દર્દીઓનો સમાવેશ થાય છે તેમને આર્થિક મુશ્કેલીનો સામનો ન કરવો પડે તે આ પગલાંનો મુખ્ય ઉદ્દેશ્ય છે.

## Petrol & Diesel Rate

| | |
|---|---|
| પેટ્રોલ | રૂ. ૯૪.૬૭/લીટર |
| ડીઝલ | રૂ. ૯૦.૩૬/લીટર |
| CNG | રૂ. ૭૭.૦૦/કિલો |






| | સોનુ | ચાંદી |
|---|---|---|
| | ₹૧,૨૯,૯૯૦ | ₹૧,૮૬,૯૦૦ |
| | +૧૦ | -૧૦૦ |
| Today Rate | (૧૦ ગ્રામ, ૨૪ કેરેટ) | (૧ કિલો) |

| ડોલર | પાઉન્ડ |
|---|---|
| ₹૮૯.૯૬ | ₹૧૧૯.૯૫ |

# વૈવાહિક બળાત્કારને ગુન્હો ગણવો જોઇએ

### કોંગ્રેસના સાંસદ શશી થરૂરે લોકસભામાં ત્રણ ખાનગી સભ્ય બિલ રજુ કર્યા



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**
કોંગ્રેસના સાંસદ શશી થરૂર જે ઘણીવાર પાર્ટી લાઇન વિરુદ્ધના પોતાના નિવેદનો માટે સમાચારમાં રહે છે, તેમણે લોકસભામાં ત્રણ ખાનગી સભ્ય બિલ રજૂ કર્યા છે. આ બિલોમાં સૌથી મહત્વપૂર્ણ વૈવાહિક બળાત્કારને ગુનાહિત બનાવવાનું છે.કોંગ્રેસના સાંસદ શશી થરૂરે શુક્રવારે લોકસભામાં ત્રણ ખાનગી સભ્ય બિલ રજૂ કર્યા. આ સૌથી મહત્વપૂર્ણ બિલ વૈવાહિક બળાત્કારને ગુનાહિત બનાવે છે. થરૂરે જણાવ્યું હતું કે લગ્નની અંદર પણ, સ્ત્રીનો તેના શરીર પર નિયંત્રણ હોય છે, અને કાયદાએ આને સ્વીકારવું જોઈએ. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર લખ્યું, ભારતના કાયદાકીય માળખામાં આજે વૈવાહિક બળાત્કારને ગુનો બનાવવો એ એક તાત્કાલિક જરૂરિયાત છે. મેં મારું ખાનગી સભ્ય બિલ રજૂ કર્યું છે, જે લગ્નના નામે બળાત્કાર માટે મુક્તિને દૂર કરવા માટે ભારતીય દંડ સંહિતામાં સુધારો કરવાનો પ્રસ્તાવ મૂકે છે. કાર્યવાહી કરવાનો સમય આવી ગયો છે

થરૂરે પોતાની પોસ્ટમાં આગળ લખ્યું, ભારતે તેના બંધારણીય મૂલ્યો પર ખરા ઉતરવું જોઈએ અને 'ના એટલે ના' થી આગળ વધીને 'હા એટલે હા' તરફ આગળ વધવું જોઈએ. દરેક સ્ત્રીને તેના શરીર પર સંપૂર્ણ અધિકાર અને સન્માન મળવું જોઈએ, લગ્નજીવનમાં પણ. આજે, આપણા કાયદાઓ આ રક્ષણ પૂરું પાડવામાં નિષ્ફળ જાય છે. વૈવાહિક બળાત્કાર લગ્નનો વિષય નથી, પરંતુ હિંસાનો વિષય છે. પગલાં લેવાનો સમય આવી ગયો છે. હાલમાં, ભારતીય દંડ સંહિતાની કલમ ૬૩ જણાવે છે કે જો પત્ની ૧૮ વર્ષથી વધુ ઉંમરની હોય તો પતિ સાથે બળજબરીથી જાતીય સંભોગ કરવો ગુનો નથી. આ એક જૂની માનસિકતા છે જે પીને પતિની મિલકત માને છે.

બ્રિટિશ યુગની ગુલામ માનસિકતાનો અવશેષ, થરૂરે લખ્યું, આ બ્રિટિશ યુગની ગુલામ માનસિકતાનો અવશેષ છે. આ કાયદો પરિણીત મહિલાઓને કાનૂની રક્ષણથી વંચિત રાખે છે. લગ્નના નામે સંમતિની જરૂરિયાતને દૂર કરવાથી મહિલાઓના ગૌરવ, સુરક્ષા અને શારીરિક સ્વાયત્તતાના મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન થાય છે. પતિ દ્વારા તેની પત્ની પર સેક્સ માટે દબાણ કરવું એ તેની સ્વતંત્રતાનું ઉલ્લંઘન છે અને લિંગ-આધારિત હિંસાને ચાલુ રાખવા જેવું છે. બિલમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે સ્ત્રીની જાતિ, વ્યવસાય, કપડાં, વ્યક્તિગત માન્યતાઓ અથવા અગાઉનો જાતીય ઈતિહાસ ક્યારેય તેની સંમતિ ધારણ કરવા માટેનો આધાર ન હોઈ શકે. આવા વિચારો લિંગ અસમાનતાને કાયમી બનાવે છે અને મહિલાઓના મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન કરે છે. તેમને સ્પષ્ટપણે નકારી કાઢવા જોઈએ.

બખરેખર, શશી થરૂરે કહ્યું હતું કે લગ્ન પછી પણ, વ્યક્તિના શરીરને તેમની પોતાની ઈચ્છાથી નિયંત્રિત કરવું જોઈએ. કાયદાએ આને ઓળખવું જોઈએ. થરૂરે એ પણ ભાર મૂક્યો કે ભારતે તેના બંધારણીય મૂલ્યોને જાળવી રાખવા જોઈએ.

# હોમલોન સસ્તી થતા એફોર્ડેબલ હાઉસીંગને મળશે નવો બુસ્ટર ડોઝ

**મુખ્ય સમાચાર, મુંબઇ**
રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયાએ ગઈકાલે દ્વીમાસીક મોનેટરી પોલીસી બેઠકમાં રેપોરેટમાં ૨૫ બેસીસ પોઈન્ટનો ઘટાડો કરીને વર્ષના અંતનું એક સુખદ આશ્ચર્ય આવ્યુ છે. સરકાર લોકોના હાથમાં વધુ નાણા રહે વધુ તે ખર્ચ કરે તે માટે છેલ્લા બે વર્ષથી જે પ્રયાસો કરી રહી છે તેમાં રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયાએ પણ કુલ ૧.૨૫ ટકા વ્યાજદર ઘટાડીને ધિરાણ સસ્તા બનાવ્યા છે. આવકવેરા મુક્તિ મર્યાદમાં વધારો જીએસટીમાં ઘટાડો અને રેટ-કટ આ તમામ લોકોના બજેટમાં રાહત આપશે અને ખાસ કરીને ઓટો-હોમ બન્ને ક્ષેત્રોમાં લોકોને નીચા વ્યાજદરે ધિરાણ મળશે. જીએસટી ઘટાડાથી ઓટો ક્ષેત્રમાં તો દિવાળીમાં જે માંગ જોવા મળી તેની આ ક્ષેત્રને લાંબાગાળામાં બુસ્ટર ડોઝ મળી ગયો છે.

હજુ વ્યાજદર ઘટાડો વધુ લાભ કરાવશે પણ છેલ્લા કેટલાક સમયથી હાઉસીંગ ક્ષેત્રમાં જે રીતે મોંઘા આવાસ અને મોંઘા દિરાણ આ બન્નેનો સમન્વય થયો હતો જેના કારણે એફોર્ડેબલ હાઉસીંગ અને મીડ લેવલના આવાસના માર્કેટને અસર થઈ હતી તેમાં રાહત મળવા લાગી છે. હવે લાંબા સમય બાદ હોમ લોનના દરો ૮%થી પણ નીચે જશે. રિઝર્વ બેન્કે ગઈકાલે વ્યાજદર ઘટાડતા જ સૌ પ્રથમ બેન્ક ઓફ બરોડાએ વ્યાજદરમાં ૨૫ બેઝીસ પોઈન્ટનો ઘટાડો જાહેર કરી દીધો છે.

તો સ્મોલ ફાયનાન્સ બેન્કોને પણ રાહત મળે તે રીતે રિઝર્વ બેન્કે પગલા લીધા છે. આમ હવે થોડા સમયમાં પ્રથમ વખત ઘર ખરીદનારા અને મીડલ કલાસને હવે બેન્ક ધિરાણના આધારે તેમનું પોતાનું ઘર ખરીદવા માટે તક મળશે.

# પાક.-અફઘાન સરહદ પર ફરી અથડામણ

### બન્ને દેશોના સૈનિક વચ્ચે ભારે ગોળીબારઃ કોઇ જાનહાની નહીં



**મુખ્ય સમાચાર, ઈસ્લામાબાદ**
પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચેની સરહદ પર પરિસ્થિતિ ફરી એકવાર વણસી છે. શુક્રવારે રાત્રે બંને દેશોના સૈનિકો વચ્ચે ભારે ગોળીબાર થયો હતો. જોકે ગોળીબારમાં કોઈ જાનહાનિ કે ઈજાના અહેવાલ નથી. બંને દેશો વચ્ચે બે મહિના પહેલા જ યુદ્ધવિરામ લાગુ કરવામાં આવ્યો હતો, પરંતુ શુક્રવારે રાત્રે થયેલા ગોળીબારથી ફરી એકવાર આ અથડામણ યુદ્ધમાં ફેરવાઈ શકે છે તેવી આશંકા વ્યક્ત થઈ છે. બંને દેશોએ યુદ્ધવિરામ ઉલ્લંઘન માટે એકબીજાને દોષી ઠેરવ્યા છે.

પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે ફરી ગોળીબાર થયો છે. અફઘાનિસ્તાનના કંદહાર પ્રાંતના સ્પિન બોલ્ડક વિસ્તારમાં અફઘાન અને પાકિસ્તાની સેના વચ્ચે અથડામણ થઈ. બંને સેના સરહદ પારથી એકબીજા પર હુમલા કરી રહ્યું છે, ગ્રેનેડ અને મોર્ટાર ફેંકી રહ્યા છે, જેના કારણે લોકોમાં ગભરાટ ફેલાઈ ગયો છે. તેઓ પોતાના ઘર છોડીને જતા રહ્યા છે. જણાવી દઈએ કે આ ફાયરિગ ૨ દિવસ પહેલા થયેલી શાંતિ વાર્તા વિફળ થયા પછી થયું છે.


સ્થાનિક પાકિસ્તાની પોલીસ અધિકારી મોહમ્મદ સાદિકે દાવો કર્યો છે કે ગોળીબાર અફઘાન બાજુથી શરૂ થયો હતો અને પાકિસ્તાની સૈનિકોએ મુખ્ય પરિવહન માર્ગ ચમન બોર્ડર ક્રોસિગ નજીક જવાબી કાર્યવાહી કરી હતી. દરમિયાન, કાબુલમાં અફઘાન તાલિબાન સરકારના પ્રવક્તા ઝબીહુલ્લાહ મુજાહિદે ગોળીબાર માટે પાકિસ્તાનને જવાબદાર ઠેરવ્યું છે. મુજાહિદે સોશિયલ મીડિયા પર લખ્યું, 'દુર્ભાગ્યવશ, આજે સાંજે, પાકિસ્તાની સેનાએ ફરી એકવાર કંદહારના સ્પિન બોલ્ડક જિલ્લામાં અફઘાનિસ્તાન પર હુમલો કર્યો, જેના કારણે ઈસ્લામિક અમીરાતના દળોને જવાબ આપવાની ફરજ પડી. શાસક તાલિબાન, જે પોતાને ઈસ્લામિક અમીરાત કહે છે, તે અફઘાન છે. અફઘાન બોર્ડર પોલીસના પ્રવક્તા અબ્દુલ્લા ફારૂકીએ જણાવ્યું હતું કે પાકિસ્તાની દળોએ પહેલા અફઘાન બાજુના સ્પિન બોલ્ડક સરહદી વિસ્તારમાં હેન્ડ ગ્રેનેડ છોડ્યો હતો, જેના કારણે જવાબી હુમલો કરવામાં આવ્યો હતો. તેમણે ઉમેર્યું હતું કે અફઘાનિસ્તાન યુદ્ધવિરામ માટે તૈયાર છે.

# ભારતને વધુ સસ્તા દરે ક્રુડતેલ આપવા સાઉદી ઓફર



ભારત પર રશિયન તેલ ખરીદવા પર અમેરિકાના પ્રતિબંધ વચ્ચે હવે સાઉદી અરેબીયાએ ભારતને વધુ સસ્તા દરે ક્રુડતેલ આપવા ઓફર કરી છે. યુક્રેન યુદ્ધની સ્થિતિમાં રશિયા તેના અર્થતંત્રને જાળવી રાખવા માટે ભારત-ચીનને ડિસ્કાઉન્ટની ક્રુડતેલ વેચીને તેની નિકાસને જાળવી રાખવામાં સફળતા મેળવી હતી. પણ ભારત-ચીન એ રશિયાને યુદ્ધ માટે નાણાકીય ઈંધણ પુરુ પાડે છે તેવા આક્ષેપ સાથે અમેરિકાએ રશિયન ક્રુડ ખરીદી તથા ભારત પર વધારાના ૨૫% ટેરીફ લાયા છે. જેના પરિણામે ભારતે અન્ય દેશો પર નજર કરવી પડે છે. તે વચ્ચે હવે સાઉદી અરેબીયા જે ભારતનું એક સૌથી મોટુ ક્રુડતેલ સપ્લાયર દેશ છે તેણે રશિયન ક્રુડતેલના વિકલ્પમાં આકર્ષક ડિસ્કાઉન્ટની અને વધુ સારી હકારાત્મક શરતો સાથે ક્રુડતેલ આપવા ઓફર કરી છે. ભારતે અમેરિકા પાસેથી એલએનજી ખરીદવા સતત બે મોટા ટેન્ડર જાહેર કરીને ટ્રમ્પને શાંત પાડવા કોશીશ કરી છે.

# પોક્સો એક્ટ હેઠળ ગુજરાતમાં અઢી હજારથી વધુ કેસ બે વર્ષથી પેન્ડિંગ




**મુખ્ય સમાચાર, અમદાવાદ**
જાતીય અપરાધોથી બાળકોનું રક્ષણ કરતા પોક્સો (પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સ) એક્ટ હેઠળ ગુજરાતમાં ૯ વર્ષના મળીને ૨૦૨૩ના વર્ષની સ્થિતિએ અઢી હજારથી વધુ કેસ એવા છે જે બે વર્ષથી પણ વધુ સમયગાળાથી પેનિગ છે. જો કે ગુજરાતમાં પોક્સોના કેસ નોંધાય છે તેમ તેમ મોટાપાયે નિકાલ પણ કરાઈ રહ્યો છે.

૧૮ વર્ષ સુધીના બાળકો સાથે જાતીય દુર્વ્યવહાર થાય કે અન્ય કોઇપણ રીતે સતામણી કરાય તેના આરોપીઓ સામે પોક્સો અંતર્ગત કેસ નોંધવામાં આવે છે. બાળકો સામેના આવા અપરાધ ઘટાડવા માટે મોટાપાયે જાગૃતિ ઝુંબેશ ચલાવાય છે તેમ છતાં દર વર્ષે હજ્જારોની સંખ્યામાં કેસ નોંધાઈ રહ્યા છે. લોક્સભામાં વિધિ અને ન્યાય મંત્રાલય દ્વારા પોક્સોના ગુજરાતમાં નોંધાયેલા અને નિકાલ કરાયેલા કેસની માહિતી અપાઈ છે. તે મુજબ ૨૦૨૧થી ૨૦૨૫ના વર્ષ સુધીમાં દર વર્ષે કેસ મોટાપાયે ઉમેરાઈ રહ્યા છે.

વર્ષ ૨૦૨૧માં ૬૬૨૧ કેસ નોંધાયા હતા તેની સામે ૫૦૦૨ કેસનો ન્યાયિક પ્રક્રિયા પ્રમાણે નિકાલ કરાયો હતો. ૨૦૨૨માં ૬૩૪૦ કેસ નોંધાયા હતા અને અગાઉના બાકી હોય તે મળીને ૭૯૨૧ કેસનો નિકાલ કરાયો હતો. ૨૦૨૩માં ૬૮૪૪ કેસ નોંધાયા હતા અને ૭૮૪૪ કેસનો નિકાલ કરાયો હતો. ૨૦૨૪માં ૮૫૨૪ કેસ નોંધાયા હતા અને ૮૫૨૪ કેસનો નિકાલ કરાયો હતો. ૨૦૨૫માં ૪૫૫૭ કેસ નોંધાયા હતા અને ૬૨૮૯ કેસનો નિકાલ કરાયો હતો.

ગુજરાતમાં છેલ્લા બે વર્ષ કે તેથી વધુ સમયગાળાથી પેન્ડિંગ હોય તેવા કેસમાં ૨૦૨૦માં ૨૮૬, ૨૦૨૧માં ૪૧૪ કેસ, ૨૦૨૨માં ૫૭૨ કેસ અને ૨૦૨૩માં ૮૧૭ કેસનો સમાવેશ થતો હતો.

# કોઈને સાંભળ્યા વિના દોષી ન ઠેરવી શકાયઃ હાઈકોર્ટ




**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**
દિલ્હી હાઈકોર્ટે સેન્ટ્રલ એડમીનીસ્ટ્રેટીવ ટ્રિબ્યુનલ (કેટ)ના એ ફેસલાને યથાવત રાખ્યો, જેનાથી નકલી એકસપિરિયન્સ સર્ટીફીકેટ રજુ કરવાના આરોપના આધારે એક કેન્ડીડેટનું સ્કુલ પ્રિન્સીપાલના પદથી ટર્મીનેશનને કાનુની રીતે ખોટુ ઠેરવ્યુ હતું અને તેને સેવામાં બહાલ કરવાનો દિલ્હી સરકારને આદેશ આપ્યો હતો. કેટના આ ફેસલાની સામે શિક્ષણ વિભાગની અરજી હાઈકોર્ટે ફગાવી દીધી હતી.

કોર્ટે કહ્યું હતું કે એ બાબતમાં કોઈ શંકા નથી કે છેતરપીંડીથી થયેલી નિયુક્તિને કાયમ ન રાખી શકાય પરંતુ ફ્રોડનો પતો કાયદાના હિસાબે લગાવવો જોઈએ અને કેન્ડીડેટને સાંભળ્યા વિના તેને દોષી ન ઠેરવી શકાય. જસ્ટીસ નવીન ચાવલા અને જસ્ટીસ મધુ જૈનની ડિવિઝન બેન્ચે ૪ ડિસેમ્બરે પસાર ફેસલામાં કહ્યું હતું કે આટલું મોટું પગલું ઉઠાવતા પહેલા એમ્પ્લોયર (શિક્ષણ વિભાગ)ને પ્રતિવાદી સૂર્યપ્રકાશ મિશ્રાને નોટિસ ઈશ્યુ કરવાની હતી, તેમની સામે આરોપ લગાવવાના હતા અને તેમના જવાબ પર વિચાર કરવાનો હતો.

આમ ન કરવા પર કાર્યવાહી પ્રક્રિયાના હિસાબે ખોટું થઈ જાય છે, પછી આરોપ કેટલો પણ ગંભીર કેમ ન હોય, તેને ધ્યાનમાં લેતા પ્રતિવ-ાદદી હજુ પણ પ્રોબેશન પર કામ કરી રહ્યો હતો અને કેન્દ્રીય સિવિલ સેવા (અસ્થાયી સેવા) નિયમ ૧૯૬૫ દ્વારા શાસીત હતી.

કોર્ટે કહ્યું હતું કે માત્ર નિયમોના રૂલ ૫(૧)નો સહારો લેવાથી અધિકારીઓને ફેરનેસના બંધારણીય બાધ્યતાનું પાલન કરવાથી છુટ નથી મળી જતી. પ્રતિવાદીને જૂન ૨૦૨૩માં ગવર્નમેન્ટ બોયઝ સીનીયર સેકન્ડરી સ્કુલ, શાલીમાર બાગ વિલેજમાં પ્રોવિઝનલ તરીકે પ્રિન્સીપાલના પદ પર નિયુક્ત કરવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે દિલ્હી સરકારે તેની અપીલમાં કોર્ટને બતાવ્યું હતું કે પ્રતિવાદીએ પોતાની ભરતી સમયે નકલી એકસપિરિયન્સ સર્ટીફીકેટ આપ્યું હતું.

# રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-ગુજરાત ઠંડીમાં ઠુંઠવાયું

### નલિયા સૌથી ઠંડુ, ગિરનાર પર ૯ ડિગ્રી, રાજકોટમાં ૧૬.૪, અમરેલી, ભુજ, અમદાવાદમાં ૧૫, ડિસા - ગાંધીનગરમાં ૧૩ ડિગ્રી લઘુતમ તાપમાન



**મુખ્ય સમાચાર, રાજકોટ**
રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-ગુજરાતમાં આજરોજ સવારથી બર્ફીલા પવનો અને ઠાર એ લોકોને ધ્રુજાવી દીધા હતા. નલિયાને બાદ કરતા મોટા ભાગનાં સ્થળોએ આજે સવારે તાપમાન જોકે સામાન્ય રહ્યું હતું. પરંતુ ઉતર-પૂર્વના ઠંડા પવનોએ તિવ્ર ઠંડીનો અનુભવ કરાવ્યો હતો.

રાજકોટ શહેરમાં આજે સવારે સરેરાશ ૬ થી ૮ કિ.મી.ની ઝડપે બર્ફીલો પવન ફુંકાતા નગરજનો ઠરી ગયા હતા અને સવારથી જ ગરમ વસ્ત્રોમાં લોકો લપેટાઇ ગયા હતા. શહેરનું લઘુતમ તાપમાન આજરોજ ૧૬.૪ ડિગ્રી નોંધાયુ હતું. પરંતુ ઠંડા પવનો એ ધ્રુજાવ્યા હતા.

આ જ રીતે જુનાગઢમાં પણ શિતલહેરોનું સામ્રાજય રહેવા પામ્યું હતું. સોરઠમાં ઠંડીનો માહોલ ધીમે ધીમે છવાઇ રહ્યો છે ત્યારે ગિરનાર પર્વત ઉપર લઘુતમ તાપમાન ૯ ડિગ્રીએ રહેવા પામ્યું હતું. જેના કારણે સહેલાણીઓ પ્રવાસીઓને ઠંડીનો અહેસાસ થવા પામ્યો છે.

આ વર્ષે પણ ઠંડીના પગરવ મોડા થઇ રહ્યા છે. ડિસેમ્બરની શરૂઆતમાં ઠંડીની શરૂઆત થવા પામી છે. છેલ્લા બે દિવસથી ઠંડીનો વધારો સવાર સાંજના અનુભવ થઇ રહ્યો છે જે ૧૦ થી ૧૨ ડીગ્રી એ નીચે ઉતરીને બપોરના સમયે ૩૦ થી ૩૨ ડિગ્રી ઉપર જતા ગરમી પડી રહી છે. ભેજ ઘટીને ૬૯ ટકા જ્યારે ઠંડો પવન ૩.૩ પ્રતિ કલાક કિ.મી. ફુંકાઇ રહ્યો છે. આ ઉપરાંત આજે સવારે શિતલહેરો વચ્ચે અમદાવાદમાં ૧૫.૮, અમરેલીમાં ૧૫, વડોદરામાં ૧૪, ભાવનગરમાં ૧૯, ભુજમાં ૧૫.૪, ડિસામાં ૧૩.૮, દિવમાં ૧૮, દ્વારકામાં ૧૯.૪, ગાંધીનગરમાં ૧૩.૨, કંડલામાં ૧૮.૫ તેમજ નલિયા ખાતે ૧૨.૬, પોરબંદરમાં ૧૮.૩ અને વેરાવળ ખાતે ૧૮.૪ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાવા પામ્યું હતું.

જામનગરમાં પણ છેલ્લા ચોવીસ કલાકમાં આંશિક અડધા ડીગ્રીના ઘટાડા સાથે લઘુતમ તાપમાન ૧૫.૫ ડીગ્રી નોંધાયું હતું. પવનની ગતિમાં થયેલા વધારા અને તાપમાનમાં ઘટાડો થતા જામનગર સહિત સમગ્ર હાલાર પંથકમાં ઠંડીનો ચમકારો અનુભવાયો હતો.

જમ્મુ-કાશ્મીર, હિમાચલપ્રદેશ તથા ઉત્તરાખંડમાં હિમવર્ષા થતા જામનગરમાં હવે ધીમે ધીમે લઘુતમ તાપમાનમાં ઘટાડો થઈ રહ્યો છે.ગતસોમવારે લઘુતમ તાપમાન ૧૭ ડિગ્રી નોંધાયા પછી આજે શનિવારે લઘુતમ તાપમાન ૧૫.૫ ડિગ્રી નીચે સરકીને પહોંચી ગયું છે.

# જામનગરમાં ગોપાલ ઈટાલિયા પર જૂતું ફેંકાયું

### કોંગી કાર્યકરે સ્ટેજ નજીક આવી છુટ્ટો ઘા કરતા મામલો બિચક્યો, આપ નેતાઓએ હુમલાખોરને લમધારી નાખ્યો





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં આમ આદમી પાર્ટીની જન સભામાં કોંગ્રેસના કાર્યકરે વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા પર જૂતાનો ઘા કરતા હોબાળો થયો હતો. જે બાદ આદમી પાર્ટીના કાર્યકરોએ કોંગી કાર્યકરને માર મારતા મામલો બિચક્યો હતો. મહત્વનું છે કે, ગોપાલ ઈટાલિયાએ વર્ષ ૨૦૧૭માં તત્કાલીન ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજા પર જૂતાનો ઘા કર્યો હતો.છત્રપાલસિંહ જાડેજા નામના કોંગ્રેસના કાર્યકર્તાએ ગોપાલ ઈટાલિયા પર જૂતાનો ઘા કરતાં કાર્યક્રમમાં રહેલા આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓ છત્રપાલસિંહ તૂટી પડ્યા હતા અને ઢોર માર માર્યો હતો. આ દરમિયાન પોલીસે ૧૫થી ૨૦ મિનિટ બાદ માંડ છોડાવીને જીપમાં બેસાડી જી.જી હોસ્પિટલે સારવાર અર્થે લઈ જવામાં આવ્યો છે.પ્રદિપસિંહ જાડેજા પર ફેંકાયેલા જૂતાનો બદલો લીધો'

ઈટાલિયા પર જૂતુ ફેકનાર મેમાણા ગામના છત્રપાલસિંહ જાડેજાએ જણાવ્યું કે, અગાઉ પ્રદિપસિંહ જાડેજા કે જેઓ ગુજરાત રાજ્ય સરકારમાં મંત્રી હતા, ત્યારે તેઓ ઉપર જાહેર સભા દરમિયાન જુતું ફેંકવામાં આવ્યું હતું ત્યારથી પોતાને વસવસો રહી ગયો હતો અને પોતાના સમાજનો બદલો વાળવાના ભાગરૂપે આજે મોકો ગોતીને તે ઘટનાનો બદલો વાળ્યો હતો,અને પોતાની જાતને સંતોષ વ્યક્ત કર્યો હોવાનું પણ તેઓએ જણાવ્યું છે.૨૦૧૭માં પ્રદીપસિંહ જાડેજા પર ઈટાલિયાએ જૂતાનો ઘા કર્યો હતો.૨ માર્ચ, ૨૦૧૭ના દિવસે ગુજરાત વિધાનસભાની બહાર તત્કાલીન ગૃહમંત્રી પ્રદીપસિંહ જાડેજા મીડિયાના સવાલોનો જવાબ આપી રહ્યા હતા અને કેમેરા ચાલુ હતા એ દરિમાયન ગોપાલ ઈટાલિયાએ અચાનક પ્રદીપસિંહ પર જૂતાનો ઘા કર્યો હતો અને ભ્રષ્ટાચાર હાય હાય, તાનાશાહ હાય હાયના નારા લગાવ્યા હતા. ગોપાલ ઈટાલિયાના જૂતુ ફેકવાના ૮ વર્ષ બાદ આજે જામનગરમાં ગોપાલ ઈટાલિયા પર કોંગ્રેસના કાર્યકર છત્રપાલસિંહે જૂતાનો ઘા કર્યો છે.જામનગરમાં આજે આમ આદમી પાર્ટી દ્વારા બાઈક રેલી અને જનસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. બાઈક રેલી મહાપ્રભુજીની બેઠકથી શરૂ થઈને શહેરના મુખ્ય માર્ગો જેવા કે કાલાવડ નાકા, દરબારગઢ, ચાંદી બજાર, દીપક ટોકીઝ અને બેડી ગેટ થઈને ટાઉન હોલ સુધી પહોંચી હતી. જે બાદ ટાઉન હોલમાં ગોપાલ ઈટાલિયા પર જૂતાનો ઘા થતા મામલો બિચક્યો હતો.

# ઉનામાં લાયબ્રેરી ચોકમાં આવેલ દુકાનની દીવાલ ધરાશાયી થતા બે શ્રમિકોના મોત

### ઉના શહેરના લાઈબ્રેરી ચોક ખાતે બાંધકામ દરમિયાન દુકાનની દીવાલ ધરાશાયી થતા બે શ્રમિકો કાટમાળ નીચે દબાઈ ગયા



**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ – અબ્દુલ પઠાણ**

ઉના શહેરના લાઈબ્રેરી ચોક ખાતે એક દુકાનનું બાંધકામ ચાલુ હતું, ત્યારે અચાનક દીવાલ ધરાશાયી થઈ હતી. આ બનાવમાં બે શ્રમિકોના ઘટનાસ્થળે જ મોત નીપજતા સમગ્ર વિસ્તારમાં શોકનો માહોલ વ્યાપી ગયો છે. મળતી માહિતી મુજબ, ઈમ્તિયાઝભાઈ વોરાની દુકાનનું બાંધકામ કોન્ટ્રાક્ટર અરજણભાઈ ડેસર વાળાને સોંપવામાં આવ્યું હતું. દીવાલના ચણતરનું કામ પૂર્ણ કર્યા બાદ બે યુવાનો ટ્રેક્ટરમાં કચરો ભરવાના કામમાં વ્યસ્ત હતા. તેજ દરમિયાન દીવાલ ધડાકાભેર ધરાશાયી થઈ અને બંને યુવાન કાટમાળ નીચે દબાઈ ગયા હતા.

બે શ્રમિકોના કરુણ મોત ધડાકાનો અવાજ સંભળાતા આસપાસના લોકોએ ઘટનાસ્થળે દોડી જઈ તાત્કાલિક બચાવ કામગીરી હાથ ધરી હતી. જો કે, ગંભીર ઈજાને કારણે બે શ્રમિકોએ ઘટનાસ્થળે જ જીવ ગુમાવ્યો હતો. બંને મૂળ જાફરાબાદ તાલુકાના વતની હોવાનું જાણવા મળ્યું છે. ત્યારબાદ તેમને સરકારી હોસ્પિટલે લાવવામાં આવ્યા બે શ્રમિકના આ અચાનક કરુણ મોત બાદ શહેર સહિત સમગ્ર પંથકમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

# જામનગર મનપાની સ્ટેન્ડિંગ કમિટી દ્વારા રૂ.૧૭.૯૯ કરોડના વિકાસ કામોને મંજૂરી

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીની બેઠક મળી હતી જેમાં કુલ રૂ.૧૭ કરોડ ૯૯ લાખના વિવિધ વિકાસ કામોના ખર્ચને બહાલી આપવામાં આવી હતી.સ્ટેન્ડીંગ કમિટીની બેઠક ચેરમેનના અધ્યક્ષ સ્થાને મળેલ હતી. તેમાં કુલ ૧૧ સભ્યો ઉપરાંત મેયર વિનોદભાઈ ખીમસૂર્યા, કમિશનર ડી.એન.મોદી, ડે. કમિશનર દેવેન્દ્રસિંહ ઝાલા,સિટી એન્જીનિયર ભાવેશભાઈ જાની, ઇચા. આસી. કમિશનર ટે.જીજ્ઞેશ નિર્મલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.અમૃત ૨.૦ યોજનાની ગ્રાન્ટ હેઠળ જામનગર શહેરમાં વોર્ડ નં.૧૫માં રે. સર્વે નં.૧૩૦૨ પૈકીની જગ્યામાં ૪.૭૨ એમ.એલ.ડી. લીફટીંગ પમ્પીંગ સ્ટેશન અને મેઈન્ટેનન્સ સાથે ના કામે કમિશનરની રજુ થયેલ દરખાસ્ત અન્વયે રૂ. ૮૧.૭૮ લાખ, જામનગર શહેરમાં ટી.પી. સ્કીમ નં.૫, અંતિમ ખંડ નં.૧૮.બી વાળી જગ્યામાં મલ્ટી પર્પઝ કલ્ચરલ કોમ્પલેક્ષ ઓડિટોરિયમ બનાવવાના કામે પ્રોજેકટ મેનેજમેન્ટ કન્સલ્ટન્સી સર્વિસીસ માટે રૂ. ૬૦.૪૩ લાખના ખર્ચને મંજૂરી આપવામાં આવી હતી. હાપા વિસ્તારમાં રૂ.૩૫ કરોડના ખર્ચથી ઓડિટોરિયમ બનાવવામાં આવનાર છે.સમર્પણ ઝોન વિસ્તારમા સ્ટ્રેન્ધનીંગ એન્ડ અપગ્રેડેશન ઓફ એકઝીસ્ટીંગ વોટર પાઈપ લાઈન નેટવર્ક તથા નવી આર.સી.સી.બ્રિક મેશનરી વાલ્વ ચેમ્બર બનાવવા માટે રૂ. ૧૩.૬૦ લાખ ,સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા હસ્તકની અલગ અલગ ગૌશાળામાં એકત્ર થયેલ પશુઓના છાણીયા ખાતરને ઉપાડવાના કામમાં ભાવ વધારો મંજૂર કરવામાં આવ્યો છે.સિવિલ સાઉથ ઝોન વોર્ડ નં. ૧૬.વિસ્તારમાં ખાનગી સોસાયટીઓમાં,ગુજરાત હાઉસીંગ બોર્ડની વસાહતોમાં તથા અન્ય રહેણાંક વિસ્તારોમાં





લોકભાગીદારીથી માળખાકીય સુવિધાઓની વિકાસની યોજના અંતર્ગત સી.સી. રોડ.સી.સી. બ્લોક પેવર બ્લોકના કામ અંગે રૂ. ૨૫૦ લાખ, સિવિલ સેન્ટ્રલ ઝોન વોર્ડ નં. ૧૪.વિસ્તારમાં ખાનગી સોસાયટીઓમાં, ગુજરાત હાઉસીંગ બોર્ડની વસાહતોમાં તથા અન્ય રહેણાંક વિસ્તારોમાં લોકભાગીદારીથી માળખાકીય સુવિધાઓની વિકાસની યોજના અંતર્ગત સી.સી. રોડ સી.સી. બ્લોક પેવર બ્લોકના કામ અંગે રૂ. ૬૦ લાખ, સિવિલ વેસ્ટ ઝોન વોર્ડ નં. ૭ વિસ્તારમાં ખાનગી સોસાયટીઓમાં, ગુજરાત હાઉસીંગ બોર્ડની.વસાહતોમાં તથા અન્ય રહેણાંક વિસ્તારોમાં લોકભાગીદારીથી માળખાકીય સુવિધાઓની વિકાસની યોજના અંતર્ગત સી.સી. રોડ સી.સી. બ્લોક પેવર બ્લોકના કામ અંગે રૂ. ૨૫૦ લાખ,સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની ગ્રાન્ટ અંતર્ગત સિવિલ સેન્ટ્રલ ઝોન વોર્ડ નં. ૯ વિસ્તારમાં ખાનગી સોસાયટીઓમાં, ગુજરાત હાઉસીંગ બોર્ડની વસાહતોમાં તથા અન્ય રહેણાંક વિસ્તારમાં લોકભાગીદારીથી માળખાકીય સુવિધાઓની વિકાસની યોજના અંતર્ગત સી.સી. રોડ સી.સી. બ્લોક પેવર બ્લોકના કામ અંગે રૂ. ૨૫૦ લાખ , વર્ષ. ૨૦૨૫-૨૬ દરમ્યાન વોર્ડ નં. ૧ થી ૮માં ગાર્ડનના હેતુ માટે ટ્રેક્ટર ટ્રોલી વીથ લેબર સપ્લાય કરવાના કામ માટે રૂ. ૧૦ લાખ , વોર્ડ નં. ૯ થી ૧૬ માં ગાર્ડનના હેતુ માટે ટ્રેક્ટર ટ્રોલી વીથ લેબર સપ્લાય કરવાના કામ માટે રૂ. ૧૦ લાખ , વોર્ડ નં. ૧૪ દિ. પ્લોટ શેરી નં. ૫૯ અને ૬૦ શેરીમાં નવાનગર બેંકની સામે સી.સી. રોડ બનાવવાના કામ માટે રૂ. ૩૬.૮૨ લાખ. વોર્ડ નં.૧૬ મંગલધામ કનૈયા પાર્ક થી મંગલધામ ના છેડા સુધી સી.સી. રોડના કામ માટે રૂ. ૧૪.૧૬ લાખ , આઉટ ઓફ એરીયાની વર્ષ ૨૦૨૪-૨૫ની ગ્રાન્ટ અંતર્ગત વોર્ડ નં.૧૬, કિર્તીપાન થી સરદાર પાર્ક થી વૃંદાવન પાર્ક બોક્સ કેનાલ સુધી સી.સી. રોડના કામ રૂ. ૩૨.૪૩ લાખ , વર્ષ ૨૦૨૫-૨૬ ની ગ્રાન્ટ અંતર્ગત વોર્ડ નં. ૧૬ માં આશીર્વાદ દિપ સોસાયટી બ્રિજથી કુબેર પાર્ક-૩ થી અન્ડર ગ્રાઉન્ડ ડ્રેનેજ એસ.ટી.પી.થી જામનગર રાજકોટ રોડ અને હરીધામ સોસાયટીથી એસ.ટી.પી. સુધી સી.સી. રોડ બનાવવાના કામ અંગે રૂ. ૭૨૪.૭૦ લાખ, સિવિલ સાઉથ ઝોન વોર્ડ નં. ૮, ૧૫ અને ૧૬.માં સ્ટ્રેન્ધનીંગ એન્ડ અપગ્રેડેશન ઓફ કેનાલ બ્રિજ વર્કસના કામ અંગે રૂ. ૫ લાખના ખર્ચને બહાલી આપવામાં આવી હતી.જામનગર મહાનગર પાલિકાની જુદી-જુદી શાખાઓમાં ટેકનિકલ અને વહીવટી કામગીરી માટે જુદી જુદી જગ્યાઓ પર ફરજ બજાવતા કોન્ટ્રાક્ટ બેઈઝ કર્મચારીઓની નવી નિમણૂક અંગેની દરખાસ્ત અન્વયે ૬ માસ માટે નવી નિમણુંક આપવાનું મંજુર કરાયું છે. જ્યારે જામનગર મહાનગર પાલિકાની જુદી જુદી જગ્યાઓ ઉપર વધારાની કામગીરી માટે સ્પે. એલાઉન્સ આપવા અંગે કમિશનરની રજુ થયેલ દરખાસ્ત પણ મંજુર કરવામાં આવી હતી. આમ આજની બેઠકમાં કુલ રૂ. ૧૭ કરોડ ૯૯ લાખના જુદાજુદા ખર્ચની દરખાસ્ત મંજૂર કરવામાં આવી હતી.

# ટંકારાના જોધપર ઝાલા ગામે વાડીમાં પાર્ક કરેલ ખેતશ્રમિકના બાઈકની ચોરી

**મુખ્ય સમાચાર, મોરબી**

ટંકારા તાલુકાની વાડીમાંથી વધુ એક બાઈક ચોરીના બનાવ અંગે ચકચાર મચાવ્યો છે, જેમાં તાલુકાના જોધપર ઝાલા ગામની સીમમાં આવેલ વાડીના ફકળિયામાં પતરા નીચે પાર્ક કરેલ બાઇક કોઈ અજાણ્યા ચોર ઈસમ ચોરી કરી લઈ ગયા હતા. ત્યારે ખેત શ્રમિક દ્વારા પ્રથમ ઇ એફઆઈઆર બાદ રૂબરૂ ટંકારા પોલીસ મથકમાં ફરિયાદ નોબધાવતા પોલીસે આરોપી સામે ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

મળતી વિગતો અનુસાર, મૂળ દાહોદ જીલ્લાના ધાનપુર તાલુકાના પીપોદરા ગામના વતની હાલ ટંકારા તાલુકાના જોધાઓર ઝાલા ગામની સીમમાં પ્રવીણભાઈ પટેલની વાડીમાં રહેતા વિજયભાઈ અભલાભાઈ ઉર્ફે અભેસિંગ પલાસ ઉવ.૨૯ એ ટંકારા પોલીસ મથકમાં અજાણ્યા આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે, ફરિયાદી વિજયભાઈ પોતાના પરિવાર સાથે ઉપરોક્ત વાડીમાં ખેતમજૂરી કરે છે, અને તેમની પાસે હીરો કંપનીનું મોટર સાયકલ રજી.નં. જીજે-૨૦-બીએચ-૩૦૨૧ છે, જે મોટર સાયકલ ગત તા.૧૮/૧૧ ના રોજ રાત્રીના વાડીના ફળિયામાં પતરા નીચે રાખ્યું હોય જે બીજે દિવસે તા.૧૯/૧૧ ના રોજ સવારે ત્યાં જોવા મળ્યું ન હોય જેથી મોટર સાયકલ અંગે વાડીની આજુબાજુ તપાસ કરતા મળી આવેલ ન હોય જેથી પ્રથમ ઈએફઆઈઆર બાદ રૂબરૂ ટંકારા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. હાલ પોલીસે આરોપી અજાણ્યા વાહન ચોર ઈસમોને પકડી લેવા વિવિધ દિશામાં તજવીજ હાથ ધરી છે.

# કલા ઉત્સવમાં સજુબા સરકારી ગર્લ્સ હાઈસ્કૂલનું ઝળહળતું પ્રદર્શન







**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગર પ્રેરિત અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન જામનગર દ્વારા માર્ગદર્શિત જામનગર જિલ્લાકક્ષાનો પ્રતિષ્ઠિત કલા ઉત્સવ જિલ્લા તાલીમ ભવન દરેડ ખાતે યોજાયો હતો.આ સ્પર્ધામાં સજુબા સરકારી ગર્લ્સ હાઈસ્કૂલની વિદ્યાર્થીનીઓએ શાનદાર પ્રદર્શન કરીને શાળા અને જિલ્લાનું ગૌરવ વધાર્યું છે.

ઉ. મા. વિભાગમાં ધો.૧૧ ની વિદ્યાર્થીની કણજારીયા કિંજલે બાળકવિતા સ્પર્ધામાં સમગ્ર જિલ્લામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. અને તે આગામી સમયમાં યોજાનાર સૌરાષ્ટ્ર ઝોન કક્ષાના કલા ઉત્સવમાં જામનગર જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે. આ ઉપરાંત, ઉ. મા. વિભાગમાં ચિત્રકલાની સ્પર્ધામાં વિદ્યાર્થીની પરમાર માહીએ જિલ્લા કક્ષાએ તૃતીય ક્રમ પ્રાપ્ત કરીને પોતાની કલા પ્રતિભાનો પરિચય આપ્યો છે.

વિજેતા સ્પર્ધકોને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દ્વારા શિલ્ડ, પ્રમાણપત્ર અને રોકડ પુરસ્કાર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. સમગ્ર કલા ઉત્સવને સફળ બનાવવા બદલ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના પ્રાચાર્ય ડૉ. સંજયભાઈ જાની, સંયોજક ડૉ. વંદનાબેન જાની, અને ડૉ. દીપેનભાઈ આસોદરિયાનો શાળા પરિવારે આભાર વ્યક્ત કર્યો છે.વિદ્યાર્થીનીઓની આ ઉત્કૃષ્ટ સિદ્ધિ બદલ શાળાના આચાર્યા ડૉ. બી. એન. દવે તેમજ સમગ્ર શાળા પરિવાર ગૌરવની લાગણી સાથે તેમને હાર્દિક અભિનંદન સાથે કિંજલને ઝોન કક્ષાની સ્પર્ધા માટે શુભકામનાઓ પાઠવી છે.

# જામનગરમાં વધુ એક હોસ્પિટલમાં કૌભાંડ, વગર કારણે દર્દીઓના કરી નાંખ્યા ઓપરેશન



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર JCC બાદ રાજ્યમાં એક વધુ હેલ્થ કૌભાંડ સામે આવ્યું છે. ઓશવાળ આયુષ હોસ્પિટલમાં કાર્ડિયાક કૌભાંડ સામે આવ્યું છે. જેમાં અનેક દર્દીઓના જરૂર વગર ઓપરેશન કરી નાખવામાં આવ્યા હોવાની વિગતો સામે આવી છે. અનેક દર્દીઓની એવી માહિ-તી પણ સામે આવી છે કે જેના હૃદયમાં સ્ટન્ટ બેસાડવામાં આવ્યા છે.

૧ કરોડ ૨૬ લાખ ૭૭ હજારનો દંડ ફટકાર્યો.આ ગેરરીતિઓના આધારે હોસ્પિટલએ PMJAY યોજના હેઠળ ૪૨ લાખ રૂપિયા મંજુર કરાવી લીધાં હોવાનું સામે આવ્યું છે. કૌભાંડની વિગત બહાર આવતા આરોગ્ય વિભાગે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી છે. આરોગ્ય કમિશ્નરે હોસ્પિટલ પર ૧ કરોડ ૨૬ લાખ ૭૭ હજારનો દંડ ફટકાર્યો છે. હોસ્પિટલના કાર્ડિયોલોજી વિભાગને PMJAY યોજનામાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યો છે. સાથે જ સમગ્ર કાર્ડિયાક સારવારમાં મુખ્ય ભૂમિકા ભજવનારા ડો. શ્રીપદ ભિવાસ્કરનો સસ્પેન્શન પણ આદેશિત કરવામાં આવ્યો છે.

# મોરબી મનપામાં વેરો ભરવા માટે ઓનલાઈન સાથે ૧૧ ક્લસ્ટર ઓફિસમાં સુવિધા

### બાકીદારોને ઝડપથી વેરો ભરવાની અપીલ કરાઈ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકાએ પ્રોપર્ટી ટેક્સ અને વ્યવસાયવેરાની ભરપાઈ માટે ઓનલાઈન વેબસાઇટ, મોબાઇલ એપ્લિકેશન ઉપરાંત કુલ ૧૧ ક્લસ્ટર ઓફિસોમાં ટેક્સ સ્વીકારવાની વ્યવસ્થા શરૂ કરી છે. ૫૦ હજારથી વધુ બાકીદારને માંગણા નોટિસ આપવામાં આવી રહી છે અને ટૂંક સમયમાં વોરંટ બજાવી મિલકત સીલ કરવાની કાર્યવાહી હાથ ધરાશે. સાથે સાથે નાગરિકોને વહેલી તકે વેરો ભરવાની અપીલ કરવામાં આવી છે.

મોરબી મહાનગરપાલિકા વિસ્તારમાં પ્રોપર્ટી ટેક્સ અને વ્યવસાયવેરા ભરવાની પ્રક્રિયાને સરળ અને પારદર્શક બનાવવા મહાનગરપાલિકા દ્વારા ઓનલાઈન તથા ઓફલાઈન બંને માધ્યમથી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. હાલ અરજદારો મહાનગરપાલિકાની સત્તાવાર વેબસાઈટ અને મોબાઇલ એપ્લિકેશન મારફતે પોતાની મિલકતનો વેરો સરળતાથી ઓનલાઈન ભરી શકે છે. મહાનગરપાલિકાની ઓફિસ ખાતે પણ EC સ્વીકારવાની કામગીરી દરરોજ સવારે ૧૦.૩૦ થી સાંજે ૫ વાગ્યા સુધી ચાલુ રહે છે. વેરા ભરપાઈ માટે મહાનગરપાલિકા દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં કુલ ૧૧ ક્લસ્ટર ઓફિસો નિર્ધારિત કરવામાં આવી છે, જ્યાં સવારે ૧૦.૩૦ થી સાંજે ૪ વાગ્યા સુધી ટેક્સ સ્વીકારવ-ામાં આવશે. જેમાં નાની વાવડી, અમરેલી, મહેન્દ્રનગર, ભડીયાદ, ત્રાજપર, ગ્રીનચોક લાઈબ્રેરી, વાંકાનેર દરવાજા પાસે વિશ્વકર્મા બાલમંદિર, શનાળા, રવાપર અને લીલાપર ગ્રામ પંચાયત ઓફિસોનો સમાવેશ થાય છે. નાગરિકોની સગવડતા માટે મુખ્ય કચેરીમાં રૂમ નં. ૯ માં POS મશીન દ્વારા પણ ટેક્સ સ્વીકારવાની શરૂઆત કરવામાં આવી છે.

મહાનગરપાલિકા તરફથી જણાવ્યું છે કે હાલમાં ટેક્સ શાખા દ્વારા રૂ.૫૦ હજારથી વધુ બાકીદારને માંગણા નોટિસ આપવામાં આવી રહી છે અને ટૂંક સમયમાં વોરંટ બજાવવાની કાર્યવાહી કરીને વેરો ન ભરનારી મિલકતોને સીલ કરવાની પ્રક્રિયા શરૂ થશે. તેથી તમામ મિલકતધારકોને સમયસર વેરો ભરવા વિનંતી કરવામાં આવે છે. ડિજિટલ સુવિધાઓને પ્રોત્સાહન આપવા મોરબી મહાનગરપાલિકાએ પોતાની સત્તાવાર વેબસાઇટ તથા મોબાઇલ એપ્લિકેશન પણ શરૂ કરી છે. Play Store માં Morbi Municipal Corporation નામે ઉપલબ્ધ એપ્લિકેશન દ્વારા મિલકત નંબર દાખલ કરતાં પ્રોપર્ટી ટેક્સ અને વ્યવસાયવેરો તાત્કાલિક ઓનલાઈન ભરી શકાય છે. અત્યાર સુધીમાં કુલ ૫,૪૯૨ નાગરિકો ઓનલાઈન ટેક્સ ચૂકવી આ સુવિધાનો લાભ લઇ ચૂક્યા છે. નાગરિકોને ઝડપી, સુવ્યવસ્થિત અને પારદર્શક સેવાઓ આપવા મહાનગરપાલિકા સતત પ્રયત્નશીલ છે અને તમામ મિલકતધારકો/ભોગવટેદારોને તાત્કાલિક વેરો ભરવા તથા ઓનલાઈન સેવાઓનો લાભ લેવા જાહેર અપીલ કરવામાં આવી છે.

# મોરબીના મણીમંદિર કેમ્પસ માંથી ધાર્મિક દબાણ દૂર: માર્ગ અને મકાન વિભાગની સત્તાવાર સ્પષ્ટતા



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના મણીમંદિર (વાઘ મહેલ) કેમ્પસમાં લાંબા સમયથી ચાલતા ધાર્મિક દબાણ બાદ તે દબાણ દૂર કર્યા સંબંધિત મોરબી માર્ગ અને મકાન વિભાગે પ્રેસનોટ જાહેર કરી સ્પષ્ટ કર્યું છે કે જમીન રાજ્ય સરકારની માલિકીની છે. વર્ષ ૨૦૦૧ના ભૂકંપ પછી થયેલા નુકસાન, ત્યારબાદના પુનર્વસન પ્રયત્નો અને ૨૦ વર્ષની લીઝ સંબંધિત માહિતી સાથે વિભાગે સ્પષ્ટતા આપી છે કે આખું પરિસર સરકારને સોંપાયેલ હેરિટેજ સંપત્તિ છે અને ધાર્મિક દબાણ દૂર કરવાની કાર્યવાહી પ્રક્રિયા સરકારના હેરિટેજ સંરક્ષણ, લીઝ શરતો અને કાનૂની પ્રક્રિયાઓને આધારે કરવામાં આવી છે.

મોરબી શહેરની મધ્યમાં આવેલી ઐતિહાસિક ઈમારત વાઘ મહેલ (મણીમંદિર) બાબતે માર્ગ અને મકાન વિભાગ મોરબી દ્વારા સત્તાવાર પ્રેસનોટ જાહેર કરવામાં આવી છે. આ ઈમારત મોરબી સ્ટેટ દરમિયાન નિર્મિત હેરિટેજ સ્ટ્રક્ચર છે અને વર્ષ ૧૯૫૧થી રાજ્ય સરકારની માલિકીમાં છે. ભૂકંપ જાન્યુઆરી-૨૦૨૧ દરમિયાન મણીમંદિરને ભારે નુકસાન થવાથી અહીં ચાલતી સરકારી કચેરીઓને અન્યત્ર સ્થળાંતરિત કરવી પડી હતી. ત્યાર-બાદ, રાજ્ય સરકારના માર્ગ અને મકાન વિભાગના ઠરાવ મુજબ જી.એસ.ડી.એમ.એ. દ્વારા ઈમારતનું સર્વેક્ષણ અને પુનર્વસન પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. વાયબ્રન્ટ ગુજરાત-૨૦૦૭ દરમિયાન ગુજરાત હેરીટેજ કન્ઝર્વેશન સોસાયટી દ્વારા મણિમંદિરના પુનર્વિકાસ માટે રૂ.૨૫ કરોડના રોકાણનું આયોજન થયું હતું. સાથે જ મોરબીના મહારાણી વિજયકુંવરબા સાહેબે મણિમંદિરને વિશ્વસ્તરીય મ્યુઝિયમ તરીકે વિકસાવવા પ્રસ્તાવ આપ્યો હતો, જેમાં સૌરાષ્ટ્રની વૈવિધ્યસભર સંસ્કૃતિ અને ઐતિહાસિક મૂલ્યોનું જતન થાય.

સરકારે તેને માન્યતા આપી, તથા મણિમંદિર વાઘ મહેલની જગ્યા સીટ નં. ૧૨૮, સર્વે નં. ૧ હેઠળની કુલ ૩૩,૦૮૦.૭૬ ચો.મી. જમીનમાંથી જાહેર બાંધકામ ખાતાની કબ્જાની ૨૧,૯૬૧ ચો.મી. જમીન મહારાણી વિજયકુંવરબાને વાર્ષિક રૂ.૧ના ટોકન રેટે ૨૦ વર્ષ માટે એટલે કે, ૨૬/૧૨/૨૦૦૮ થી ૨૫/૧૨/૨૦૨૮ સુધી લીઝ ઉપર આપવામાં આવી હતી. પ્રોપર્ટી કાર્ડ મુજબ જાહેર બાંધકામ ખાતું, ગુજરાત સરકાર અને તાલુકા પંચાયત કચેરી આ મિલકતના ધારણકર્તા છે. વાઘમહેલ કેમ્પસની બાજુમાં થયેલા વિવાદાસ્પદ ધાર્મિક દબાણને લઈને ચર્ચાઓ ઊભી થઈ હતી. મોરબી માર્ગ અને મકાન વિભાગે આ પ્રેસનોટ દ્વારા સ્પષ્ટ કર્યું છે કે સ્થળ રાજ્ય સરકારની માલિકીની હેરિટેજ જમીન છે, અહીં કોઈપણ પ્રકારના અનધિકૃત ધાર્મિક દબાણને મંજૂરી નથી, નિયમ મુજબ જરૂરી કાર્યવાહી કરવામાં આવી છે, અને સમગ્ર પ્રક્રિયાનું માર્ગદર્શન સરકારના હેરિટેજ સંરક્ષણ, લીઝ શરતો અને કાનૂની પ્રક્રિયાઓને આધારે કરવામાં આવ્યું છે.

# મોરબી ઓનલાઇન ટાસ્ક દ્વારા ઊંચી કમાણીની લાલચે યુવક ૨૭.૫૭ લાખની સાયબર ઠગાઈનો શિકાર બન્યો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના એક યુવકને ઓનલાઇન ટાસ્ક પુરા કરી વધુ આર્થિક ફાયદા આપવાની લાલચે અજાણ્યા આરોપીઓએ ટેલીગ્રામ એપ દ્વારા ૨૭.૫૭ લાખ રૂપિયાની ઠગાઈ કરી હતી. યુવકે અલગ-અલગ બેંક એકાઉન્ટમાં રકમ જમા કરી હતી, પરંતુ નાણા પરત ન મળતા પાંચ જેટલા આરોપીઓ સામે ફરીયાદ નોંધાવી છે. હાલ સાયબર ક્રાઇમ પોલીસે તમામ આરોપીઓ વિરુદ્ધ ભારતીય ન્યાય સહિંતા તથા આઈટી એક્ટ હેઠળ ગુનો દાખલ કર્યો છે.

મોરબી શહેરમાં સાયબર ઠગાઈનો વધુ એક બનાવ સામે આવ્યો છે જેમાં ઓનલાઇન ટાસ્ક પૂરાં કરાવીને વધુ નફો આપવાની લાલચ આપી એક યુવક પાસેથી રૂ.૨૭,૫૭,૦૦૦/- ઓનલાઇન ટ્રાન્સફર કરાવી લીધા છે. જેમાં ફરીયાદી નીરવકુમાર નરેશભાઈ કુકરવાડીયા ઉવ.૩૦ રહે. ધર્મલાભ સોસાયટી દેવસત્ય પેલેસ મોરબી વાળાએ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન મોરબી ખાતે આરોપી પ્રિયા નંદાકુમાર, પ્રોમિલા દેવી, દેવેન્દ્ર, સંજય કપૂર તથા અર્જુન પ્રસાદ વિરુદ્ધ નોંધાવેલી ફરિયાદ અનુસાર તારીખ ૨૪/૧૧/૨૦૨૫ થી તા.૨૮/૧૧/૨૦૨૫ દરમિયાન ઉપરોક્ત પાંચ વ્યક્તિઓએ અલગ-અલગ ટેલિગ્રામ પ્રોફાઈલ્સ મારફતે તેમને ટેલિગ્રામ ઉપર લોભામણા મેસેજ, ઓનલાઈન ટાસ્ક અને ઊંચા આર્થિક ફાયદાની લાલચ આપી ફરીયાદીનો ભરોસો જીત્યો હતો. ત્યારે આરોપીઓના કહેવા મુજબ ફરીયાદીએ એક એસબીઆઈ બેંક એકાઉન્ટ અને બે એચડીએફસી બેંક એકાઉન્ટમાં કુલ રૂ.૨૭,૫૭,૦૦૦/- ટ્રાન્સફર કરી રોકાણ કર્યું હતું. બાદમાં જ્યારે તેમણે રોકાણ કરેલ નાણા પરત માંગ્યા તો આરોપીઓએ કોઈ જવાબ આપ્યો નહીં અને રૂપિયા પરત કર્યા નહોતા. આથી ફરીયાદીને પોતે ઠગાઈનો ભોગ બન્યાની ખાતરી થતાં તેમણે મોરબી સાયબર ક્રાઇમ પોલીસ મથકમાં આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. હાલ સાયબર ઠગાઈ અંગે મોરબી સાયબર ક્રાઇમ પીઆઇ એન.એ.વસાવાએ તપાસ શરૂ કરી છે.

# જામનગર જિલ્લાના ટેભડા-ગોદાવરી રોડનું રૂ. ૩.૨૫ કરોડના ખર્ચે સપાટી સુધારણા કામ શરૂ

**મુખ્ય સમાચાર, જામનગર**

માર્ગ અને મકાન વિભાગ દ્વારા જામનગર જિલ્લાના તાલુકામાં આવેલા અગત્યના ગ્રામ્ય માર્ગ ટેભડા-ગોદાવરીની સપાટી સુધારણાનું કાર્ય સત્વરે હાથ ધરવામાં આવ્યું છે. ૮ કિમી ની લંબાઈ ધરાવતા આ માર્ગના નવીનીકરણ માટે માર્ગ અને મકાન વિભાગ દ્વારા રૂ. ૩.૨૫ કરોડનો જોબ નંબર મંજૂર કરવામાં આવ્યો છે.વરસાદના કારણે આ માર્ગની સપાટી અતિ ખરાબ હાલતમાં હતી, જેના કારણે વાહનચાલકોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. આ તકલીફોને ધ્યાનમાં રાખીને, આ રસ્તા પર સપાટી સુધારણા અને નવીનીકરણની તાત્કાલિક જરૂરિયાત ઊભી થઈ હતી. આ પ્રોજેક્ટ હેઠળ માર્ગની ગુણવત્તામાં નોંધપાત્ર સુધારો લાવવા માટે માટીકામ, ગુણવત્તાયુક્ત ડામર કામ, સી.ડી. વર્ક્સ હેઠળ કલ્વર્ટ અને ડ્રેનેજ તેમજ રોડ ફર્નિચર અન્વયે સાઈનેજ, માર્ક્સ, વગેરે જેવી કામગીરીઓ કરવામાં આવશે.

પંચાયત માર્ગ અને મકાન વિભાગના કાર્યપાલક ઈજનેર કે. બી. છૈયા તથા નાયબ કાર્યપાલક ઈજનેર બી.આર. વસરા દ્વારા ઉપરોક્ત રસ્તાની સપાટી સુધારણાની કામગીરીને અગ્રતા આપીને સત્વરે શરૂ કરાવી



દેવામાં આવી છે અને તેને બનતી ત્વરાએ પૂર્ણ કરાવવામાં આવશે. આ માર્ગનું કામ પૂર્ણ થવાથી ટેભડા, ગોદાવરી સહિતના આસપાસના ગામો તરફ જતા હજારો વાહનચાલકો અને સ્થાનિક નાગરિકોને સુરક્ષિત અને ઝડપી મુસાફરીનો લાભ મળશે, જેનાથી સમય અને ઈંધણની બચત થશે.

# રાજકોટ જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ ૨૪ ડિસેમ્બરે યોજાશે

## જિલ્લા કક્ષાના પ્રશ્નો તા. ૧૦ ડિસેમ્બર સુધીમાં પહોંચતા કરવાના રહેશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજય સરકાર દ્વારા જિલ્લા કક્ષાનાં પ્રશ્નોના જિલ્લામાં જ નિરાકરણ મળી રહે તે માટે ''ફરિયાદ નિવારણ દિવસ'' નું આયોજન કરવામા આવે છે. જે અંતર્ગત રાજકોટ જિલ્લા કક્ષાનો સ્વાગત કાર્યક્રમ તા. ૨૪-૧૨-૨૦૨૫ નાં રોજ યોજાનાર છે. આ કાર્યક્રમ માટેનાં જિલ્લા કક્ષાના પ્રશ્નો ફરિયાદો તા. તા.૧૯-૧૨-૨૦૨૫ સુધીમાં સંબંધિત ખાતા-વિભાગોની જિલ્લા કક્ષાની કચેરીનાં વડાને પહોંચતા કરવાના રહેશે.

જિલ્લા સ્વાગત માટેની અરજીમાં મથાળે ''જિલ્લા ફરિયાદ નિવારણ કાર્યક્રમ'' લખવાનું રહેશે. લાંબા સમયથી આખરી નિકાલ આવતો ન હોય તેવા પડતર પ્રશ્નો જ મોકલવા તથા અગાઉ સંબંધિત ખાતામાં કરેલ રજુઆતનો આધાર રજુ કરવો, તેમના તરફથી આપવામાં આવેલ જવાબ / પ્રત્યુતરની ઝેરોક્ષ નકલ અરજી સાથે રાખવાની રહેશે. પ્રશ્ન બીજી વખત રજુ કરવામાં આવે તો પ્રશ્ન ક્રમાંક, માસનું નામ લખવું.અગાઉ રજુ કરેલ પ્રશ્ન કે અરજીમાં પ્રશ્ન કર્તાનું પુરુ નામ, પુરેપુરુ સરનામું, અને ફોન નંબર લખવાનો રહેશે. અરજીમાં અરજદારની સહી હોવી જરૂરી છે.

અરજી સ્પષ્ટ અને મુદાસરની સમજી શકાય તેવી, પૂરતા આધારો સાથે મોકલવાની રહેશે, અલગ-અલગ વિષય દર્શાવતા પ્રશ્નો, અલગ-અલગ અરજીઓમાં મોકલવાના રહેશે. સરકારી કર્મચારીના નોકરીને લગતા પ્રશ્નો અને કોર્ટમાં ચાલતા પ્રશ્નો રજુ કરી શકાશે નહીં. પ્રશ્ન અરજદારનો પોતાનો હોવો જોઈએ. - બીજાનો પ્રશ્ન ધ્યાને લેવાશે નહીં. કોર્ટ મેટર, ચાલતા દાવાઓ, આક્ષેપો, અંગત રાગ-દ્વેષને લગતા પ્રશ્નો ધ્યાને લેવાશે નહીં. તાલુકા કક્ષાના પ્રશ્ન માટે સબંધીત મામલતદારશ્રીને અરજી કરવાની રહેશે.

તા. ૧૦-૧૨-૨૦૨૫ બાદ આવેલ પ્રશ્નોનો આ માસના કાર્યક્રમમાં સમાવેશ કરવામાં આવશે નહી જેની દરેક અરજદારોએ ખાસ નોંધ લેવી. જિલ્લા કલેકટર કચેરી, રાજકોટ ખાતે તા. ૨૪-૧૨-૨૦૨૫ ના રોજ સવારના ૧૧-૦૦ કલાકે કચેરીના ત્રીજા માળે સભાખંડમાં કલેકટર તથા સંબંધિત ખાતાના અધિકારીઓ મહેસુલી તંત્ર, જિલ્લા પંચાયત, પોલીસ વિભાગ, પી.જી.વી.સી.એલ.,એસ.ટી., પાણી પુરવઠા બોર્ડના પ્રશ્નો સાંભળશે. અન્ય ખાતાના પ્રશ્નો હોય તો તે પ્રશ્નો જે તે ખાતાને જ મુદત હરોળ રજુ કરવા અંગે ખાસ નોંધ લેવા જનસંપર્ક અધિકારી, જિલ્લા કલેકટર કચેરી, રાજકોટની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# રાજકોટ ''તાલુકા સ્વાગત ફરીયાદ નિવારણ'' કાર્યક્રમ ૨૩ ડિસેમ્બરે યોજાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ તાલુકાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ તા. ૨૩-૧૨-૨૦૨૫ (મંગળવાર) ના રોજ સંબંધકર્તા મામલતદાર કચેરી ખાતે યોજાશે. આ કાર્યક્રમ અંગેના પ્રશ્નો બે નકલમાં અરજદારોએ સંબંધકર્તા મામલતદારશ્રીને તા. ૧૦-૧૨-૨૦૨૫ સુધીમાં મોકલી આપવાના રહેશે.

આ કાર્યક્રમમાં કર્મચારીઓની નોકરી અંગેના, કોર્ટમાં કેસો ચાલુ હોય તે બાબતના, ન્યાયિક કે અર્ધન્યાયિક બાબતને લગતા પ્રશ્નો તેમજ આ કાર્યક્રમમાં અગાઉ રજુ થયેલ પ્રશ્નો ફરીથી રજૂ કરવાના રહેશે નહિ. પ્રથમ વાર અરજી કરતા હોય તેવા પ્રશ્ન રજુ કરવા નહિ. આ માટે એક અરજીમાં એક જ પ્રશ્ન મોકલી શકાશે. અરજીના મથાળે તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ'' માટેની અરજી એમ લખવાનું રહેશે. અરજી બે નકલમાં જરૂરી પુરાવા સાથે આપવાની રહેશે તેમ જનસંપર્ક અધિકારી, જિલ્લા કલેકટર કચેરી, રાજકોટની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# માળિયા તાલુકામાં CCI કપાસ ખરીદી કેન્દ્ર શરૂ કરવાની માંગ

## જીલ્લા કોંગ્રેસ પ્રમુખ દ્વારા કૃષિમંત્રી અને સીસીઆઈ ઝોનલ મેનેજરને લેખિત રજુઆત

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લાના માળિયા તાલુકા જેવા કપાસ ઉત્પાદક વિસ્તારમાં સીસીઆઈ કપાસ ખરીદી કેન્દ્ર ન હોવાથી ખેડૂતોને દુરદરાજના શહેરોમાં પાક વેચવા જવું પડે છે. ખેડૂતોને MSPનો સીધો લાભ મળે તે માટે માળિયા તાલુકામાં જ CCI ખરીદી કેન્દ્ર શરૂ કરવા મોરબી જીલ્લા કોંગ્રેસ પ્રમુખે કૃષિમંત્રી અને સીસીઆઈ ઝોનલ મેનેજરને લેખિત રજુઆત કરી છે.



મોરબી જીલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ કિશોરભાઈ ચિખલીયાએ માળિયા તાલુકાના ખેડૂતોના હિતમાં મહત્વપૂર્ણ પગલું ભરી કૃષિ મંત્રી તેમજ કોટન કોર્પોરેશન ઓફ ઇન્ડિયા સૌરાષ્ટ્ર ઝોન ઓફિસના ઝોનલ મેનેજરને લખિત રજૂઆત કરી છે. રજૂઆતમાં જણાવાયું છે કે માળિયા તાલુકો મોરબી જીલ્લાનો મુખ્ય કપાસ ઉત્પાદક વિસ્તાર છે, જ્યાં દર વર્ષે નાના-મોટા હજારો ખેડૂત કપાસની ખેતી કરી પોતાની રોજીરોટી રળે છે. હાલમાં માળિયા તાલુકામાં સીસીઆઈ દ્વારા કોઈ ખરીદી કેન્દ્ર ન હોવાથી ખેડૂતોને પોતાના પાકને વેચવા મોરબી, રાજકોટ સહિતના દૂરના શહેરોમાં જવું પડે છે, આ ઉપરાંત, ખેડૂતના હિતમાં MSP મુજબ સરકારની ખરીદીની સુવિધા પણ તાલુકા સ્તરે ન મળતા ખેડૂતોને વેપારી ઉપર નિર્ભર રહેવું પડે છે. ખેડૂત હિતને પ્રાથમિકતા આપતી રજૂઆતમાં માળિયા તાલુકામાં તાત્કાલિક સીસીઆઈ ખરીદી કેન્દ્ર શરૂ કરવાની માંગણી કરી છે જેથી નો લાભ સીધો ખેડૂતોને તેમના પોતાના તાલુકામાં મળી શકે તેવી વિનંતી સાથે માંગણી કરવામાં આવી છે.

# વાંકાનેરના કાછીયાગાળા ગામે મંદિરમાં થયેલ ચોરી કરનાર એક આરોપીની અટક

**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેર તાલુકાના કાછીયાગાળા ગામે બુટભવાની માતાના મંદિરમાં ચાંદીના બે છત્તર ચોરીના બનાવ મામલે વાંકાનેર તાલુકા પોલીસે સીસીટીવી ફૂટેજ અને હ્યુમન સોર્સના આધારે એક આરોપીને ઝડપી લીધો છે.



વાંકાનેર તાલુકાના કાછીયાગાળા ગામે આવેલા બુટભવાની માતાના મંદિરમાંથી રૂ. ૪૦,૦૦૦/- ની કિંમતના બે છત્તર ચોરી થયાની ફરિયાદ બાદ વાંકાનેર તાલુકા પોલીસ મથક પીઆઇ બી.વી. પટેલના માર્ગદર્શન મુજબ સર્વેલન્સ ટીમ પેટ્રોલિંગ લમાં હોય તે દરમિયાન મંદિરના સીસીટીવી ફૂટેજને આધારે અને આ ઉપરાંત, ચોરીની જગ્યાની આજુબાજુના રસ્તા, દુકાનો અને પેટ્રોલ પંપના સીસીટીવી ફૂટેજ તથા હ્યુમન સોર્સના આધારે આ ચોરીમાં બે શખ્સો શંકાસ્પદ જણાયા હતા. જેમાંમાંથી એકની ઓળખ આરોપી જયેશભાઈ બાબુભાઈ મકવાણા રહે. ખારચિયા તા.જી. રાજકોટ વાળા તરીકે થઈ હતી. જેથી વાંકાનેર તાલુકા પોલીસની ટીમે તેને ઝડપીને ચોરીનો ભેદ ઉકેલી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જામનગરના ગોપમાં ઘરફોડ ચોરીમાં ગયેલ મુદ્દામાલ ફરીયાદીને પરત કરતી પોલીસ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જીલ્લા પોલીસવડા ડો. રવિ મોહન સૈનીએ મિલ્કત સબંધી ચોરીના ગુનાઓ બનતા અટકાવવા માટે જરૂરી સુચના કરેલ હોય તેમજ લાલપુર મદદનીશ પોલીસ અધીક્ષક પ્રતિભાના માર્ગદર્શન હેઠળ વિસ્તારમાં બનતા મિલકત સબંધી ચોરી.લુંટ જેવા બનાવોમાં ફરીયાદીને ન્યાય મળી રહે તે હેતુથી તપાસ કાર્યવાહી કરવા અવાર નવાર સુચનાઓ કરેલ હોય.જે અંતર્ગત જામજોધપુર પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ ઘરફોડ ચોરીના કામે ફરીયાદી ધનીબેન પરબતભાઇ ગમારા ઉ.વ.૩૦.રહે ગોપ ગામ, વાડી વિસ્તાર ગોપનાથ મહાદેવ મંદીર જવાના રસ્તે જામજોધપુરવાળાના ઘરમાંથી સોનાના દાગીના જેનુ વજન આશરે ૫૧ ગ્રામ કિ. ૩.૫૭ લાખની ફરીયાદ આપેલ અને ગુનો જાહેર થયેલ જામજોધપુર પોલીસે ગણતરીની કલાકોમાં ચોરીનો ગુનો શોધી કાઢી ફરીયાદીને ચોરીમાં



ગયેલ મુદામાલ રીકવર કરવામાં આવ્યો હતો.

જામજોધપુરના પીઆઇ એ.એસ. રબારી તથા પીએસઆઇ એચ.બી. વડાવીયા તથા સ્ટાફ દ્વારા ગણતરીના દિવસોમાં તેરા તુજકો અર્પણ અંતર્ગત ફરીયાદીને તેનો ચોરીમાં ગયેલ મુદામાલ સોનાના દાગીના ૫૧ ગ્રામ કિ. ૩.૫૭ લાખ જે તે સ્થીતમાં જામજોધપુર પોલીસે પરત આપેલ છે.

# મોરબીમાં વ્યાજખોર અને હળવદમાં દેશી દારૂમાં સંડોવાયેલા બે આરોપી સામે પાસા હેઠળ કાર્યવાહી

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં સતત વ્યાજખોરીના ગુનાઓમાં પકડાતા એક ઇસમને અને હળવદમાં દેશી દારૂ વેચાણના ગુનામાં સંડોવાયેલ મહિલાને પાસા હેઠળ ડિટેઇન કરવામાં આવ્યા છે. જીલ્લા પોલીસની સૂચના અને માર્ગદર્શન હેઠળ મોરબી સીટી એ ડિવિઝન પોલીસ તથા હળવદ પોલીસ સ્ટેશન દ્વારા જુદી જુદી કામગીરી હાથ ધરાઈ હતી. બંને આરોપીઓને જીલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા પાસા વોરંટ ઈસ્યુ થતાં તેમને અલગ અલગ મધ્યસ્થ જેલ હવાલે કરવામાં આવ્યા છે.



મોરબી જીલ્લામાં અસામાજિક તત્ત્વો વિરુદ્ધ પોલીસ દ્વારા સતત અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. વ્યાજવટાવ અને દારૂના ગેરકાયદેસર વેપારમાં સંકળાયેલા લોકો ઉપર કાયદેસરની કડક કામગીરી કરવા જીલ્લા પોલીસવડા મુકેશકુમાર પટેલ તથા અધિકારીઓ દ્વારા સૂચનાઓ આપવામાં આવી છે. આ અનુસંધાને મોરબી શહેર તથા હળવદ તાલુકામાં બે અલગ-અલગ આરોપીઓ વિરુદ્ધ પાસા હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે. જેમાં મોરબી સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં દિનેશભાઈ ગગુભાઈ મકવાણા ઉવ.૪૬ રહે.ભક્તિનગર સર્કલ ધર્મસૃષ્ટિ સોસાયટી મોરબી વાળા સામે અવારનવાર વ્યાજખોરીના ગુનામાં કાર્યવાહી થતી આવી છે. જે અનુસંધાને પીઆઇ આર.એસ. પટેલ દ્વારા પાસાની દરખાસ્ત તૈયાર કરી જિલ્લા મેજિસ્ટ્રેટને મોકલવામાં આવી હતી. જીલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા દરખાસ્ત મંજૂર થતાં પાસા વોરંટ ઈસ્યુ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ આરોપીને પકડીને લાજપોર મધ્યસ્થ જેલ સુરત ખાતે મોકલી આપવામાં આવ્યો હતો. બીજી તરફ, હળવદ પોલીસ સ્ટેશનમાં દેશી દારૂના વેપારમાં સંડોવાયેલ ફરીદાબેન જયંતીભાઈ ચૌહાણ રહે.ચીરોડા તા. ચોટીલા જી.સુરેન્દ્રનગર વાળા વિરુદ્ધ પ્રોહિબીશન એક્ટ હેઠળ અનેક વખત ગુનાઓ નોંધાયા હતા. જેના પગલે પીઆઇ આર.ટી. વ્યાસ દ્વારા આરોપી ફરીદાબેનને પાસા હેઠળ ડિટેઇન કરવા દરખાસ્ત મોકલવામાં આવી હતી. જીલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા પાસા વોરંટની મંજૂરી બાદ હળવદ પોલીસે અલગ-અલગ ટીમો બનાવી ઉપરોક્ત મહિલા આરોપીને ઝડપી લઈ બાદમાં તેને વડોદરા મધ્યસ્થ જેલ હવાલે કરવામાં આવ્યા છે.

# મોરબીના પાનેલી ગામ નજીક બાઇક ઉપર દેશી દારૂની હેરાફેરી કરતા બે બાળ કિશોર પકડાયાઃ દારૂ મંગાવનાર તથા સપ્લાયરનું નામ ખુલ્યું

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના પાનેલીથી સરતાનપર જવાના રોડ ઉપર બાઇક સવાર બે બાળ કિશોરને ૧૮ લીટર દેશી દારૂ સાથે ઝડપી લેવામાં આવ્યા છે, જે બંનેની પૂછતાછમાં દેશીદારૂ મંગાવનાર અને દેશી દારૂ જેની પાસેથી મેળવેલ તે બંને આરોપીઓના નામ ખુલતા પોલીસે તેમને ઝડપી લેવા તપાસ શરૂ કરી છે. હાલ મોરબી તાલુકા પોલીસે દેશી દારૂ, મોટર સાયકલ, ત્રણ મોબાઇલ સહિત કુલ રૂ.૩૪,૬૦૦/-નો મુદ્દામાલ જપ્ત કરી, કાયદાના સંઘર્ષમાં આવેલ બંને સગીરને તેના વાલી વારસને સોંપી આપેલ છે.

મળતી વિગત મુજબ, વાંકાનેરના સરતાનપરથી મોરબી તાલુકાના પાનેલી ગામ તરફ જવાના રોડ ઉપર કાયદાના સંઘર્ષમા આવેલ બે બાળ કિશોરોએ ગેર કાયદેસર રીતે પાસ, પરમીટ કે આધાર વગર પ્લા.ના બાચકામાં ૧૮ લીટર દેશીદારૂ કિ.રૂ.૩૬૦૦/-નો મુદામાલ વેચાણ કરવાના ઈરાદે પોતાના કબ્જામાં રાખી હીરો કંપનીનું સ્પ્લેન્ડર મોટર સાયકલ રજી.નં. જીજે-૩૬-એએસ-૦૪૬૭ વાળામા હેરાફેરી કરતા રંગેહાથ ઝડપાઇ ગયા હોય, ત્યારે પોલીસે બંને બાળકિશોરની અંગઝડતીમાથી મોબાઈલ ફોન નંગ-૦૩ કી.રૂ. ૧૧૦૦૦/- એમ કુલ રૂ. ૩૪,૬૦૦/-ના મુદ્દામાલ સાથે મળી આવેલ હોય. ત્યારે બંને બાળ કિશોરોની સઘન પૂછતાછમાં દેશી દારૂ મંગાવનાર આરોપી વિનુભાઈ સલાટ રહે.પાનેલીરોડ તા.જી.મોરબી વાળાને આરોપી મેરૂભાઈ રમેશભાઈ દેકાવાડીયા રહે, વિરપર તા.વાંકાનેર જી.મોરબી વાળા પાસેથી દેશી દારૂ મેળવ્યાનુ જણાવતા તાલુકા પોલીસે હજાર નહિ મળી આવેલ બન્ને આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે. જ્યારે કાયદાના સંઘર્ષમાં આવેલ બન્ને બાળ કિશોરોને તેમના વાલી વારસને સોંપી આપેલ છે.

# જૈન ભોજનાલય દ્વારા રાજકોટમાં શુધ્ધ ઘીનાં અડદિયાનો પ્રારંભ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરમાં જૈન ભોજનાલય છેલ્લા ત્રણ વર્ષથી કાર્યરત થયેલ છે. ત્રણ વર્ષમાં પાંચ લાખ પંચોતેર હજાર ઉપરાંત નવનાત વણિક સમાજનાં સાધર્મિકો તથા અન્ય જ્ઞાતિનાં જરૂરિયાતમંદ વ્યક્તિઓએ શુદ્ધ સાત્વિક ભોજનનો લાભ બપોરે અને સાંજે લીધેલ છે.

જૈન ભોજનાલય નો આશય દરેક જ્ઞાતિ સુધી પહોંચવાનો છે. એ શુભ ભાવથી જ્ઞાતિ જાતિના ભેદથી પર બની અને આ સિઝનમાં અડદિયા વિતરણનો પ્રારંભ કરેલ છે. શુદ્ધ સાત્વિક જયણા પૂર્વક કેસર અને ડ્રાયફ્રુટ યુક્ત શુદ્ધ ઘી નાં અડદિયા નો નકરો ૫૦૦ ગ્રામનો માત્ર ૨૭૫ અને એક કિલોગ્રામનો નકરો માત્ર ૫૫૦ રાખવામાં આવેલ છે.

દરેક જ્ઞાતિનાં લોકો લાભ લઇ શકે છે. રૂબરૂ ડિપોઝિટ આપી બુકિંગ પણ કરાવી શકે છે. સમયઃ સવારે ૧૦:૧૫ થી સાંજે ૭, સંપર્કઃ જૈન ભોજનાલય, લીમડા ચોક ની બાજુમાં, હોટલ જયસન ની સામે, રાજકોટ -૧. ૯૩૨૩૭૭૭૭૦૯

# દારૂના દૂષણ સામે ભાયાવદરમાં આવેદનપત્ર અપાયું : જનતા રેડ પાડવાની ચીમકી




**મુખ્ય સમાચાર, ભાયાવદર**
**અહેવાલ - વિજય રાડીયા**

દારૂ અને ડ્રગ્ઝ સામે ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણીએ શરૂ કરેલી લડતને ભાયાવદરમાં પણ સમર્થન મળ્યું છે. અનુ.જાતિ સમાજના અગ્રણીઓએ મેવાણીના ટેકામાં જણાવ્યું હતું કે તંત્ર અને પોલીસની મીઠી નજર તળે ચાલતા દારૂ અને જુગારના તેમજ ડ્રગ્ઝના હાટડા તેમજ અનેક ગેરકાનૂની પ્રવૃત્તિ જે ચાલી રહી છે તે બંધ થવી જ જોઈએ તેવી માગણી અમે પણ કરીશું.

રજૂઆત પહેલાં અનુસુચિત જાતિના લોકોએ બાઇક રેલી કાઢીને લોકોનું ધ્યાન દોર્યું હતું અને રેલી સ્વરૂપે નાયબ મામલતદાર કચેરીએ ધસી ગયા હતા તેમજ આવી ગેર કાનૂની પ્રવૃત્તિ બંધ થાય તેવી માગણી કરી છે. સાથોસાથ આ રજૂઆત મુખ્યમંત્રી અને ગૃહમંત્રીને પણ પહોંચાડવામાં આવે તેવી લાગણી વ્યક્ત કરાઈ હતી, તેમજ સૂ માંગણી કરી હતી કે શહેરમાં જાહેરમાં ધમધમતી દારૂની બદી પોલીસ બંધ કરાવે નહિતર જનતા રેડ કરવામાં આવશે તેવા સુત્રોચ્ચાર કરાયા હતા.

# જીયાણામાં સાંથણીની જમીનમાં સ્થળફેરનો ખેલ કરાતા જમીન ખાલસા

## રાજકોટના જાણીતા જમીન ખેલાડીએ શરતભંગ ચાલુ હોવા છતાં જમીનના વેચાણ વ્યવહાર પણ કરી નાખ્યાઃ કબજા સોંપણી, માપણી સીટ અને દસ્તાવેજમાં અલગ-અલગ ચતુર્દીશા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ ના જીયાણા ગામે વર્ષ ૧૯૬૨માં સાંથણીમા ફાળવવામાં આવેલ નવી શરતની જમીન ૧૯૯૭માં જૂની શરતમાં ફર્યા બાદ આ જમીનમાં સ્થળફેર કરવામાં આવ્યો હોવાથી તાલુકા મામલતદાર રાજકોટ દ્વારા ૨૦૧૯માં શરતભંગના પગલાં લેવા દરખાસ્ત કરી હતી. જો કે, શરતભંગની કાર્યવાહી ચાલુ હોવા છતાં રાજકોટના જાણીતા જમીન ખેલાડી દ્વારા વર્ષ ૨૦૨૦માં પોતાના પત્નીના નામે આ જમીનનો દસ્તાવેજ કરાવી લઇ બાદમાં જમીન અન્યોને વેચી મારી હતી. જો કે, આ શરતભંગ કેસ ચલાવી રાજકોટ સીટી પ્રાંત-૨ આસિસ્ટન્ટ કલેકટર દ્વારા જમીનના પંચરોજકામ, માપણીશીટ અને દસ્તાવેજમાં ચતુર્દીશામાં ફેરફાર હોય જમીન ખાલસા કરવા હુકમ કરી સરકાર હસ્તક લેવા હુકમ કર્યો હતો.

આ અંગે પ્રાપ્ત વિગતો મુજબ રાજકોટના ડેપ્યુટી કલેકટર દ્વારા વર્ષ ૧૯૬૨માં રાજકોટ તાલુકાના જીયાણા ગામના રેવન્યુ સર્વે નંબર ૨૭(૩૬૧) પૈકીની આઠ એકર જમીન ડાયાભાઈ માલાભાઈ તથા હીરાભાઈ માલાભાઈને જીવનનિર્વાહ માટે સંયુક્ત નામે નવી અને અવિભાજ્ય શરતે નિયંત્રણ સાથે ફાળવી હતી. જે બાદ ૧૯૯૭માં આ જમીન જૂની શરતમાં ફર્યા બાદ રાજીખુશીથી બન્ને ભાઈઓ વચ્ચે ચાર-ચાર એકર જમીનની વહેંચણી કરવામાં આવી હતી. બાદમાં વર્ષ ૨૦૦૬માં હીરાભાઈ માલાભાઈએ પોતાના હિસ્સાની રેવન્યુ સર્વે નંબર ૩૬૧ પૈકી ૪૨ની ૪ એકર જમીન ભરતભાઈ કાબાભાઈ કાકડીયાને વેચાણ આપી હતી.જો કે,આ જમીન પ્રકરણમાં રાજકોટ તાલુકા મામલતદાર દ્વારા વર્ષ ૨૦૧૯માં સ્થળફેર હોય શરતભંગના પગલાં ભરવા દરખાસ્ત કરી હતી. બીજી તરફ શરતભંગની દરખાસ્ત થઈ હોવા છતાં ભરતભાઈ કાબાભાઈ કાકડીયાએ વર્ષ ૨૦૨૦માં આ જમીન રાજકોટના જાણીતા જમીન ખેલાડીને આ જમીન વેચી નાખતા આ જમીન રેવન્યુ રેકર્ડ પર રસીલાબેન કમલેશભાઈ રામાણીના નામે ચડી ગઈ હતી અને બાદમાં રસીલાબેને આ જમીન વર્ષ ૨૦૨૩માં અમરતબેન ચનાભાઈ ચાંડપા અને વિશાલ મગનભાઈ નાથાણીને વેચાણ આપી દીધી હતી. આ કેસમાં ૧૯૭૪માં થેયલી માપણીમાં વિસંગતતા મુદ્દે મામલતદાર રાજકોટ તાલુકાના રિપોર્ટ બાદ ફરી વર્ષ ૨૦૨૫માં રાજકોટ તાલુકા મામલતદાર દ્વારા માપણી કરવામાં આવતા પંચરોજકામ મુજબની જમીન હાલમાં ખુલ્લી અને પડતર હોવાનું સામે આવ્યું હતું.

કેસ દરમિયાન જમીનની મૂળ માપણી, ડીઆઇએલઆર દ્વારા કરવામાં આવેલ માપણી તેમજ વેચાણ દસ્તાવેજમાં દર્શાવામા આવેલ ચતુર્દીશામાં સ્પષ્ટપણે વિભિન્નતા જોવા મળતા આસિસ્ટન્ટ કલેકટર મહક જૈન દ્વારા સાંથણીમાં ફાળવવામાં આવેલ જમીનમાં સ્થળ ફેરફાર કરાયો હોવાનું સાબિત માની શરતભંગ બદલ જમીન ખાલસા કરવા હુકમ કરી જમીન સરકાર હસ્તક લેવા હુકમ કર્યો હતો.

# વાંકાનેરના ચંદ્રપુર ગામે ગાયો અંગે માહિતી આપવાનો આક્ષેપ કરી પ્રૌઢ ઉપર લોખંડના પાઈપથી હુમલો

**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેર તાલુકાના ચંદ્રપુર ગામે ગાયોની ગાડીઓ અંગે માહિતી આપવાનો આક્ષેપ કરી બે ઈસમોએ એક પ્રૌઢ ઉપર લોખંડના પાઈપ વડે હુમલો કર્યો હતો. હુમલામાં પ્રૌઢને ગંભીર ઈજા થતા તેઓને વાંકાનેર બાદ વધુ સારવાર માટે રાજકોટ રીફર કરવામાં આવ્યા હતા. હાલ વાંકાનેર સીટી પોલીસ દ્વારા ફરિયાદ નોંધવામાં આવી છે.

વાંકાનેર તાલુકાના ચંદ્રપુર ગામે હુમલાનો ગંભીર બનાવ બન્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર ફરિયાદી જયેશભાઈ માનાભાઈ સિંધવ રહે. ચંદ્રપુર દ્વારા વાંકાનેર સીટી પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવેલી ફરિયાદ મુજબ તા.૦૫/૧૨ના રોજ ફરિયાદીના ભાઈ રામાભાઈ માનાભાઈ સિંધવ ઘરે આવેલા ત્યારે આરોપી ફિરદોશ મુનાફભાઈ ખલીફા અને તેનો ભાઈ ફૈઝલ મુનાફભાઈ ખલીફા, બંને રહે. ચંદ્રપુર હાથમાં લોખંડના પાઈપ લઈને તેમના ઘરે આવ્યા હતા. તેઓ કહેવા લાગ્યા કે ''તુ અમારી ગાયોની ગાડીઓની માહિતી કેમ આપે છે?'' જેના પર રામાભાઈએ પોતે મજૂરી કામ કરે છે અને કોઈ માહિતી આપતો ન હોવાનો જવાબ આપ્યો હતો. આથી ઉશ્કેરાઈ ગયેલ બંને આરોપીઓએ રામાભાઈ ઉપર લોખંડના પાઈપ વડે હુમલો કર્યો હતો. હુમલામાં રામાભાઈ નીચે પડી ગયા હતા. આજુબાજુના લોકો ભેગા થતા બંને આરોપી સ્થળ પરથી ભાગી છૂટ્યા અને જતા જતા જાનથી મારી નાંખવાની ધમકી આપીને ગયા હતા. હુમલામાં ઈજાગ્રસ્ત રામાભાઈને પ્રથમ સારવાર માટે વાજબેર સરકારી હોસ્પિટલ બાદ વધુ સારવ-ાર માટે રાજકોટ સિવિલમાં રીફર કરવામાં આવ્યા હતા, હાલ સમગ્ર બનાવ અંગે સીટી પોલીસે બન્ને આરોપીઓ સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ૮ ડિસેમ્બરના રોજ ઓખા-જયપુર એક્સપ્રેસ અજમેર સુધી દોડશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ઉત્તર પશ્ચિમ રેલ્વે ના ગાંધીનગર-જયપુર સ્ટેશન પર પુનઃવિકાસ કાર્યને કારણે, બ્લોક લેવામાં આવશે, જેનાથી રાજકોટ ડિવિઝનમાંથી પસાર થતી કેટલીક ટ્રેનોને અસર થશે. અસરગ્રસ્ત ટ્રેનો નીચે મુજબ છે

આંશિક રીતે રદ કરાયેલી ટ્રેનોઃ (૧) ૮ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ ઓખાથી ઉપડનારી ટ્રેન નં. ૨૦૯૫૧ ઓખા-જયપુર એક્સપ્રેસ અજમેર સુધી દોડશે. તેથી, આ ટ્રેન અજમેર અને જયપુર વચ્ચે આંશિક રીતે રદ કરવામાં આવશે.

(૨) ૯ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ જયપુરથી ઉપડનારી ટ્રેન નં. ૨૦૯૫૨ જયપુર-ઓખા એક્સપ્રેસ જયપુરને બદલે અજમેરથી ઉપડશે. તેથી, આ ટ્રેન જયપુર અને અજમેર વચ્ચે આંશિક રીતે રદ કરવામાં આવશે.

ડાયવર્ટ કરેલા રૂટ પર દોડનારી ટ્રેનોઃ (૧) ૦૬.૧૨.૨૦૨૫ અને ૦૯.૧૨.૨૦૨૫ ના રોજ ટ્રેન નંબર ૨૦૯૩૭ પોરબંદર-દિલ્હી સરાય રોહિલ્લા એક્સપ્રેસ પોરબંદરથી તેના નિર્ધારિત રૂટ ફૂલેરા-જયપુર-રેવાડીને બદલે ડાયવર્ટ કરેલા રૂટ વાયા ફુલેરા-રીંગસ-રેવાડી થઈને દોડશે. આ ટ્રેન જે સ્ટેશનો નહીં જાય તેમાં કિશનગઢ, ફુલેરા અને જયપુર નો સમાવેશ થાય છે.

(૨) ૦૪.૧૨.૨૦૨૫ અને ૦૮.૧૨.૨૦૨૫ ના રોજ દિલ્હી સરાય રોહિલ્લાથી ઉપડનારી ટ્રેન નંબર ૨૦૯૩૮ દિલ્હી સરાઈ રોહિલ્લા-પોરબંદર એક્સપ્રેસ તેના નિર્ધારિત રૂટ રેવાડી-જયપુર-ફુલેરાને બદલે ડાયવર્ટ કરાયેલા રૂટ વાયા રેવાડી-રિંગાસ-ફુલેરા થઈને દોડશે. આ ટ્રેન જે સ્ટેશનો નહીં જાય તેમાં જયપુર, ફુલેરા અને કિશનગઢ નો સમાવેશ થાય છે.

રેલવે તંત્ર મુસાફરોને વિનંતી કરે છે કે તેઓ તેમની મુસાફરી શરૂ કરતા પહેલા ઉપરોક્ત ફેરફારો ધ્યાનમાં લે અને કોઈપણ અસુવિધા ટાળવા માટે www.enquiry.indianrail.gov.in પર ટ્રેન સંચાલન અંગેના નવીનતમ અપડેટ્સ ચેક કરી લે.

# તત્કાલ બુકિંગ સિસ્ટમમાં ફેરફાર હાપા--મુંબઈ સેન્ટ્રલ દુરંતો એક્સપ્રેસ માટે OTP ચકાસણી ફરજિયાત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પશ્ચિમ રેલવે દ્વારા રેલવે બોર્ડના નિર્દેશ અનુસાર તત્કાલ બુકિંગ સિસ્ટમમાં એક મહત્વપૂર્ણ ફેરફાર લાગુ કરવામાં આવી રહ્યો છે. હવે તત્કાલ ટિકીટ માત્ર સિસ્ટમ દ્વારા મોકલવામાં આવેલા વન ટાઈમ પાસવર્ડ (OTP) ના સત્યાપન બાદ જ જારી કરવામાં આવશે. આ OTP તે મોબાઈલ નંબર પર મોકલવામાં આવશે, જે પ્રવાસી બુકિંગ સમયે આપશે. OTP નું સફળ સત્યાપન થયા બાદ જ ટિકિટ આપવામાં આવશે.

આ OTP આધારિત તત્કાલ ચકાસણી સિસ્ટમ શરૂઆત માં ટ્રેન નંબર ૧૨૨૬૮/૧૨૨૬૭ હાપા-મુંબઈ સેન્ટ્રલ દુરંતો એક્સપ્રેસ પર ૦૫ ડિસેમ્બર, ૨૦૨૫ થી લાગુ કરવામાં આવશે.

નવી સિસ્ટમ કમ્પ્યુટરાઈઝ્ડ PRS કાઉન્ટરો, અધિકૃત એજન્ટો, IRCTC વેબસાઈટ તથા IRCTC મોબાઈલ એપ દ્વારા થતી તમામ તત્કાલ બુકિંગ પર લાગુ થશે. આ બદલાવનો હેતુ તત્કાલ બુકિંગ પ્રક્રિયાને વધુ પારદર્શક બનાવવાનો અને વાસ્તવિક મુસાફરોને તત્કાલ ટિકિટ મેળવવામાં વધુ સગવડ પહોંચાડવાનો છે.

મુસાફરોને વિનંતી છે કે તેઓ બુકિંગ સમયે માન્ય મોબાઈલ નંબર આપવો જરૂરી રાખે, જેથી OTP સત્યાપન પ્રક્રિયા સરળતાથી પૂર્ણ થઈ શકે. પશ્ચિમ રેલવે દ્વારા તમામ મુસાફરોને આ મહત્વપૂર્ણ ફેરફાર પર ધ્યાન આપવા અનુરોધ કરવામાં આવે છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# પડધરી પાસે ફેક્ટરીમાં રૂ.૨૭.૫૫ લાખની માલમત્તાની ચોરી

## મોવીયા નજીક ઈંટ બનાવતી ફેક્ટરીની ઓફિસમાંથી બુકાનીધારી બેલડી ૨૭ લાખની રોકડ સહિતની વસ્તુઓ ઉસેડી ગયા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

પડધરી નજીક મોવીયા ગામ સર્વેમાં આવેલી એર કોન ઈન્ડિયા નામની ફેક્ટરીમાં માત્ર એક મિનિટમાં જ ૨૭ લાખની રોકડ સહિતની માલમત્તાની ચોરી થયાની ફરિયાદ પડધરી પોલીસ મથકે નોંધાઈ છે. આરોપી બેલડી તેમજ અન્ય ત્રણ ઈસમ કેમેરામાં કેદ થયેલ દેખાતા પોલીસે શોધખોળ આદરી છે. બુકાની બાંધેલી ચડ્ડીધારી ટોળકી ફેક્ટરીમાં એક કલાકથી વધુ રોકાઈ અને ઓફિસ સહિતના સ્થળે તોડફોડ કરી હતી. અન્ય ફેક્ટરીમાં પણ ઘસી ગયા હતાં. જ્યાં સામે પથ્થરમારો થતા નાસી છુટ્યા હતાં.

રાજકોટના અમીન માર્ગ પર ગુલાબવાટીકા સોસાયટીમાં રહેતા હર્ષિતભાઈ પ્રહલાદભાઈ કાવર નામના ફેક્ટરી ધારકે પડધરી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદની વિગતો મુજબ ૧૫ વિઘાથી વધુના વિસ્તારમાં ફેક્ટરી આવેલી છે. ગત રાત્રે ૧.૫૨ કલાકે પાંચ શખસો ફેક્ટરીમાં પૂસ્યા હતા. એકાઉન્ટન્ટની ઓફિસમાં ચડ્ડી પહેરેલા મોંઢુ ઢાંકેલા અને માથે કેપ વાળા બે ઈસમોએ ટેબલનું કાઉન્ટર ઉન્ટર તોડયું હતું. અંદરથી ૨૭.૧૦ લાખની રોકડ ઉઠાવી લીધી હતી.

આ ઉપરાંત ફેક્ટરીમાં અન્ય ઓફિસમાં પણ તોડફોડ કરી હતી. લેપટોપ મળી કુલ ૨૭.૫૫ લાખની માલમત્તા ઉસેડી ગયા હતાં. હર્પિતભાઈના જણાવ્યા મુજબ નજીકમાં જ આવેલી અન્ય એનફેમ નામની ફેક્ટરીમાં પણ તસ્કરો પૂસ્યા હતાં. જ્યાં રહેલા શ્રમિકો, સિક્યુરીટી ગાર્ડને જાણ થઈ જતાં પડકાર્યા હતાં. સામસામી પથ્થરબાજી થઈ હતી અને તસ્કરો નાસી છૂટ્યા હતાં.

પડધરી પંથકમાં ધાડની ચોરીની ઘટનાઓ સમયાંતરે બનતી રહેતી હોવાથી અને શિયાળાની ઋતુ શરૂ થતાં હવે તસ્કરોની રંજાડ વધશે જેથી પોલીસ પેટ્રોલીંગ સઘન કરવા માંગ ઉઠી છે.

# ઘરેથી નીકળી ગયેલ મહિલાનું પતિ સાથે મિલન કરાવતી મોરબી ૧૮૧ અભયમ ટીમ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મોરબી સી.ટી વિસ્તારમાં એક પીડિત મહિલા એકલા રસ્તા પર બેઠા છે તકલીફમાં દેખાય છે અને કાંઈ બોલતા નથી તેમની મદદ માટે ૧૮૧ ની જરૂર છે જેને પગલે ૧૮૧ના કાઉન્સેલર પટેલ સેજલબેન મહિલા પો.કોન્સ્ટેબલ શારદાબેન પાયલોટ રસિકભાઈ ઘટના સ્થળે પહોંચી ગયા હતા ત્યાંના લોકોએ જણાવેલ કે મહિલા એકલા રસ્તા પાસે બેઠા હતા અને રડતા હતા ત્યારબાદ સૌ પ્રથમ ૧૮૧ ટીમ દ્વારા મહિલા ને સાંત્વના આપી ધીરજ સાથે કાઉન્સેલિંગ કરેલ તો તેમણે જણાવેલ કે તેઓ તેમના પતિ સાથે અલગ રહે છે પતિ સાથે ઝઘડો થયેલ તેથી પતિને જાણ કર્યા વગર ઘરેથી નીકળી ગયેલ હોય મહિલા પાસે થી તેમના ઘરનું સરનામું મેળવી તેમના ઘરે ગયેલ તેમના પતિ સાથે વાતચીત કરતા જણાવેલ તેમની પત્ની ને થોડા વર્ષ થી માનસિક રીતે બિમાર હોવાથી ઘરેથી અવાર- નવાર નીકળી જાય છે તેમની સારવાર પણ ચાલુ છે આજ રોજ મહિલા એ ભુવા પાસે દોરા ધાગા કરાવવા જવાનુ કહેલ પતિએ ના પાડેલ અને ઝઘડો થયેલ હતો ત્યારબાદ ૧૮૧ ટીમે ખોટી અંધશ્રદ્ધા મા ન માનવા બાબતે તેમજ ડોક્ટર ની સલાહ અનુસાર સારવાર કરાવવા લાબી સમજાવટ સાથે મહિલા તેમજ તેમના પતિ ને સલાહ સૂચન માર્ગદર્શન આપેલ મહિલાના પતિ ને મહિલાનું ધ્યાન રાખવા સમજણ આપી અને રોજ ટાઈમ પર દવા આપવાનુ જણાવેલ તેમજ મહિલાએ પણ જણાવેલ કે હવે પછી તેમના પતિને કહ્યા વગર ક્યારેય નીકળશે નહીં.

# વિરાણી ચોક પાસે મસાજ પાર્લરની આડમાં ચાલતું કુટણખાનું ઝડપાયું

## પોલીસે ડમી ગ્રાહક મોકલી પાડ્યો દરોડો, ત્રણ પાર્ટનર અને એક લલના સામે નોંધાયો ગુનોઃ મસાજ દરમિયાન એક્સ્ટ્રા સર્વિસ આપવાનું કહીને ચાલતો હતો દેહ વ્યાપાર, રોકડ અને મોબાઈલ સહિત ૧૯૧૦૦નો મુદ્દામાલ કબજે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં વિરાણી ચોકમાં આવતી. ''ધી પીસ ફુલ'' સ્પામાં પોલીસે ડમી ગ્રાહક મોકલતા કુટણખાનું ચાલતું હોવાની હકીકત મળતા દરોડો પાડ પાડયો હતો. પોલીસે સ્પાના ત્રણ પાર્ટનર તેમજ લલના સહિત ચાર સામે ઘી ઈમરોલ ટ્રાફિક એક્ટની કલમો હેઠળ ગુનો નોંધાયો હતો.

એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટના પીઆઈ ભાર્ગવસિહ.એમ. ઝણકાટ અને તેમની ટીમને માહિતી મળી હતી કે, વિરાણી ચોક સિટી ડેન્ટલ હોસ્પિટલની સામે સીજે કોમ્પ્લેક્સની બાજુમાં આવેલા ''ધી પીસ ફુલ' સ્પાના સંચાલકો છોકરીઓ રાખીને સ્પાની આડમાં કુટણખાનું ચલાવે છે. જે હકીકતના આધારે ટીમે એક ડી ગ્રાહકને આ સ્પામાં મોકલ્યો હતો. દરમિયાન ટીમ વોચમાં હોય તેવામાં સ્પામાં રહેલા ડમી ગ્રાહકનો સંકેત મળતા જ પોલીસે સ્પામ દરોડો પાડયો હતો. દરમિયાન અંદર એક રૂમમાં ડમી ગ્રાહક અને એક લલનાને કઢંગી હાલતમાં ઝડપી લેવામાં

આવ્યા હતા. પોલીસ તપાસમાં સામે આવ્યું હતું આ સ્પાના સંચાલક જીગર દિલીપભાઈ સચદેવ ( ઉમર ૨૯ રહે. ભાટિયાગામ જી.દેવભૂમિ દ્વારકા), પરબત બોરીચા, કિશન કરણબહાદુર ઠાકુર ગ્રાહકો પાસેથી કાઉન્ટર ઉપર મસાજના નામે ૧૦૦૦ ઉઘરાવી લેતા હતા. જે બાદ મસાજ દરમિયાન એક્સટ્રા સર્વિસનું કહીને શરીર સંબંધ બાંધવાના ૨૫૦૦ ઉઘરાવી લેતી હતી. સંચાલકો આ રકમમાંથી ૧૦૦૦ રૂપિયા લલના પાસેથી લેતા હતા

દરોડો સ્પામાંથી નોર્થ દિલ્હી એને આસામની છોકરીઓ મળી આવતા તેઓને મુક્ત કરવામાં આવી હતી. પોલીસે ગ્રાહક પાસેથી ઉઘરાવેલા રૂપિયા ૪૧૦૦ અને ૧૫૦ કિંમતના ત્રણ મોબાઈલ સહિત ૧૯૧૦૦ નો મુદ્દામાલ કબજે કરી સ્પા માલિક અને લલના સામે એ ડિવિઝન પોલીસ મથકમાં ગુનો નોંધાયો છે. આ કામગીરી પીઆઈ ભાર્ગવસિહ ઝણકાટ, પીએસઆઈ એ.કે.ગોસ્વામી, હેડ કોન્સ્ટેબલ જીગ્રેશ મારું, હરસુખ વાછાણી, મહંમદઆરીફ અંસારી, હસમુખ બાલધા, ગણેશ પ્રસાદ તેમજ મહિલા કોન્સ્ટેબલ ભૂમિકા ઠાકર જ્યોતિબેન બાબરીયા દ્વારા કરવામાં આવી હતી.

# ગોંડલ ચોકડી પાસે લાપત્તા થયેલી મહિલાનું અજાણ્યા વાહનની ઠોકરે મોત

## માનસિક બિમારીથી જૂજતી દીકરીને પિતા સાસરીથી ઘરે લઈ જતા હોય ત્યારે ગોંડલ ચોકડીએ અચાનક ગાયબ થઈ ગઈ, તપાસ કરતા લાશ મળીઃ અજાણ્યા વાહન ચાલક સામે નોંધાયો ગુનો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં સાસરિયું ધરાવતી પરિણીતા માનસિક બીમારીથી જૂજતી હોય ત્યારે તેના પિતા તેને પોતાના પરે ગોંડલ આટો મારવા લઈ જતા હતા. દરમિયાન પિતા-પુત્રી ગોંડલ ચોકડીએ પહોંચતા પરણિતા ગાયબ થઈ ગઈ હતી. તપાસ કરતાં ગોંડલ બ્રિજ ઉપર કોઈ અજાણ્યા વાહનની ઠોકરથી શરીરના બે કટકા થઈ ગયેલી હાલતમાં મૃતદેહ મળ્યો હતો. બનાવ અંગે આજીડેમ પોલીસે ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે.

આ બનાવ અંગે ગ્રીનલેન્ડ ચોકડી લાલપરી શેરી નં-૫માં રહેતી પરણિતા સોનલ સોલંકીના પતિ ભાવિન વિનોદભાઈ સોલંકીએ આજીડેમ પોલીસ મથકમાં અજાણ્યા વાહન ચાલક સામે ગુનો નોંધાવતા જણાવ્યું હતું કે, ગોડલ રહેતા લખમણભાઈ જીણાભાઈ સોલંકીની પુત્રી સોનલ સાથે ૧૦ મહિના પેહલા તેના લગ્ન થયા હતા.

સોનલને માનસિક બીમારીની તકલીફ હોય જેથી તેની દવા ચાલુ હતી. ગત તારીખ ૩/૧૨/૨૫ ના સોનલના પિતા તેને આટો મારવા ગોંડલ લઈ જતા હતા ત્યારે ગોંડલ ચોકડીએથી સોનલ કયાંક જતી રહી છે તેવો ફોન ભાવિનને તેના સસરાએ કર્યો હતો. જેથી પતિ ભાવિન સહિતના પરિવારના સભ્યો સોનલને શોધતા હતા તેવામાં ગોંડલ ચોકડી પાસે અકસ્માત સબબ લોકોના ટોળા હોય જેથી અહીં તપાસ કરતા બે કટકા થયેલી હાલતમાં મૃતદેહ પડ્યો હતો જે સોનલનો હોય જેથી પરિવાર શોકમાં સરી પડ્યો હતો. તપાસ કરતાં કોઈ અજાણ્યા વાહને સોનલને ઠોકરે લેતા તેનું મોત નિપજ્યું હોવાનું સામે આવતા પોલીસે ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે.

# મેડિકલની વિદ્યાર્થિનીને લગ્નની લાલચ આપી શખ્સે દુષ્કર્મ આચરી વિડિયો બનાવ્યો

## યુવતીને જાણ થતાં યુવકે મારકૂટ કરી વીડિયો વાઈરલ કરવાની ધમકી આપીઃ બી-ડિવિઝન પોલીસ મથકમાં નોંધાયો ગુનો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં મેડિકલનો અભ્યાસ કરતી ૨૭ વર્ષીય યુવતી સાથે સોશિયલ મીડિયા મારફતે મિત્રતા કેળવી યુવકે લગ્નની લાલચ આપી દુષ્કર્મ આચર્યું હતું. હલકી માનસિકતા ધરાવતાં યુવકે ગુપ્ત રીતે બંનેનો વીડિયો બનાવી પોતાના મિત્રોને બતાવ્યો હતો. જે વાતની યુવતીને ખબર પડતાં જ તેણીને માર મારી વીડિયો વાયરલ કરવાની ધમકી આપી તરછોડી દીધી હતી. બનાવ અંગે આરોપી સામે બી ડિવિઝન પોલીસ મથકમાં ગુનો નોંધાયો છે.

આ અંગની વિગતો મુજબ, શહેરના પેડક રોડ વિસ્તારમાં રહેતી અને મેડીકલનો અભ્યાસ કરતી ૨૭ વર્ષીય યુવતીએ ગીર સોમનાથના તાલાલાનાં વાતની એવા શૈલેષ ઉર્ફે રિશી સોંદરવા (ઉંમર ૨૬) સામે ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, શૈલેષ ઉર્ફે રિશી સાથે તેણીની સોશિયલ મીડિયાના માધ્યમથી પરિચયમાં આવે હતી.તે બાદ બંને વચ્ચે મિત્રતા થતા નંબરની આપ લે થઈ હતી. વાતચીત બાદ બંને વચ્ચે પ્રેમસંબંધ કેળવાયો હોય ત્યારે શાતીર યુવકે ભોગ બનનારને ''હું તારી સાથે લગ્ન કરીશ'' તેવી લોભામણી લાલચ આપી હતી.

દરમિયાન યુવકે ભોગ બનનારને શહેરની જુદી જુદી હોટલોમાં લઈ જઈ દુષ્કર્મ આચર્યું અને ગુપ્ત રીતે તેનો વિડીયો બનાવી લીધો હતો.જે બાદ યુવક પોતાના મિત્રોને આ વીડિયો બતાવતો હોય આ વાતની જાણ યુવતીને થતાં તેણે આવું ન કરવા સમજાવ્યું હતું. જે વાતમાં ગુસ્સે થઈને યુવકે યુવતીને બેફામ માર માર્યો અને એ વીડિયો તારા પોતાને તેમજ વાયર્કી કરી દઈશ તેવી ધમકી આપી તરછોડી દીધી હતી.

ભોગ બનનારે આ સમગ્ર હકીકત વિશે પરિવારને જાણ કરતા પરિવારે હિંમત બતાવાની આવી હલકી માનસિકતા ધરાવતા શખસ સામે પોલીસને જાણ કરતા બી ડિવિઝન પોલીસ મથકના પીઆઈ સુધીર રાણે તથા તેમની ટીમે આરોપી શૈલેષ ઉર્ફે રિશી સોંદરવા સામે દુષ્કર્મ, બ્લેકમેલિંગ, મારમારી તેમજ આઈટી એક્ટ હેઠળ ગુનો નોંધી તેની ધરપકડ કરવા ચક્રો ગતિમાન કર્યા છે.

# રાજકોટ બાર ચૂંટણીમાં RBA પેનલના ઉમેદવારોએ ફોર્મ ભર્યા



## કોર્ટે પરિસર નારાથી ગુંજી ઉઠયું, જુદા-જુદા અનેક લો ફર્મના વકીલોએ પેનલને ટેકો જાહેર કર્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ બારની ચૂંટણી રસાકસી ભરી થવાની વકીલોમાં હાલ ચર્ચા ચાલી રહી છે તેની સાથે જ આરબીએ પેનલના ઉમેદવારોએ ચૂંટણી ફોર્મ ભરવા પહોંચ્યા ત્યારે કોર્ટે પરિસર નારાથી ગુંજી ઉઠયું હતું. સાથો સાથ જુદા- જુદા અનેક લો ફર્મના વકીલોએ પેનલને ટેકો જાહેર કરી પેનલને બહુમતીથી ચૂંટણી જીતાડવાનો કોલ આપ્યો હતો.

આર.બી.એ પેનલના પ્રમુખ પદના ઉમેદવાર સુમિત વોરા, ઉપપ્રમખ પદે પદે ઉપપ્રમુખ બિમલ જાની, સેક્રેટરી નિલેશ પટેલ, જોઈન્ટ સેક્રેટરી જયેન્દ્ર ગોંડલિયા, લાઈબ્રેરી સેક્રેટરી કેતન મંડ, ટ્રેઝરર પ્રગતિ માકડિયા મહિલા કારોબારી અનામતમાં રક્ષાબેન ઉપાધ્યાય, મીનલબેન સોનપાલ, નિશાબેન લુણાગરિયા, તેમજ કારોબારી સભ્યોમાં હસમુખ સાગઠીયા, કલ્પેશ સાકરિયા, સ્તવન મહેતા, સંજય ડાંગર, ભાર્ગવ પંડ્યા, અશ્વિન રામાણી, વિજય રૈયાણી દ્વારા સિનિયર વકીલોના આશીર્વાદ લઈને ચૂંટણી મેદાનમાં ઉતર્યા છે.

# ઉપલેટામાં ભરબજારમાં ધોળા દિવસે વૃધ્ધાને બેભાન કરી દાગીનાની લૂંટ

## ૮૨ હજારના દાગીના અજાણી મહિલા લૂંટી ફરાર થઈઃ પોલીસની કામગીરી સામે લોકોમા રોષ



**મુખ્ય સમાચાર, ઉપલેટા**

બેત્રણ દિવસ પહેલા ખારચીયાથી શાંતાબેન ઉ.વ. ૭૦ નામની વૃધ્ધ મહિલા દવાખાના ના કામે તથા કપડા લેવા ઉપલેટા આવેલ તેને ભર બજાર માં અજાણી મહિલા એ સ્પ્રે છાંટી બેભાન કરી કાનમાં પહેરેલા કાંપ તથા ડોકમાં પહેરેલ સોનાના ઓમકાર કિંમત અંદાજે રૂ ૮૨ હજાર લુંટી ફરાર થઈ ગયેલી ભાનમાં આવતા તે મહિલા કોઈ સબંધી મારફત પ્રથમ ઉપલેટા સરકારી હોસ્પિટલ મા બાદ વધુ સારવાર માટે જુનાગઢ ખસેડેલ એકાદ દિવસ માં સ્વસ્થ થઈ તે મહિલા એક સબંધી ને લઈ ઉપલેટા પોલીસ માં ફરિયાદ કરવા ગઈ તો પોલીસે કાઈમ ઓછુ દેખાડવા ફરિયાદ ન લેતા તે મહિલા રાજકોટ જિલ્લા પોલીશ વડા પાંસે જઈને ઉપલેટા પોલીસે ફરિયાદ ન લેવાનુ જણાવેલ એસ પી ત્યાં થી ઉપલેટા પોલીશ અધિકારી ને ખખડાવી તાત્કાલીક ફરિયાદ લેવા સૂચના આપતા તેમણે ઉપલેટા આવી તેમના પુત્ર નાથા ગોવિંદ પરમારે પોલીશ માં ફરિયાદ નોંધાવી છે. હજુ થોડા મહિના પહેલા નટવર રોડ નાગનાથ ચોક પાસે ની ખીજડશેરીનાં રસીક ભૂવન મકાનમાં એકલા રહેતા રહેતા ભિક્ષાવૃતિ કરતા નટવરલાલ ભાનુશંકર મહેતા ઘરમાં વિજળી ન હોવાથી શેરી માં ખાટલામાં સુતા હોય ત્યારે રાત્રી દરમિયાન અજાણ્યા મહિલા અને પુરુષે ઘરમાં પ્રવેશ કરી રૂપિયા ની નોટો અને ચીલર મળી અંદાજીત રૂપિયા એક લાખની ઘરફોડ ચોરી કરી નાશી ગયા ના બનાવ આજ દિવસ સુધી કોઈ ભેદ ઉકેલાયો નથી તેમજ છેલ્લા બેત્રણ મહિના મા પંચહાટડી વિસ્તાર માં છરીથી ગંભીર હુમલાના બેત્રણ બનાવ બનવા પામ્યા છે ત્યાર કથળેલી કાયદો વ્યવસ્થાની સ્થિતિ ને ધ્યાને લઈ તાત્કાલિક ઉપલેટા માં કડક પોલીસ અધિકારી મુકવાની ની લોક માગણી ઉઠવા પામી છે.

# આર્થિક ભીંસ વધુ એક જિંદગી ભરખી ગઈઃ ઈમિટેશનના ધંધાર્થીનો આપઘાત

## વેપારી યુવાને ગળકાસો ખાઈ જીવન ટૂંકાવી લેતા પરિવારમાં કલ્પાંત



**મુખ્ય સમાચાર, રાજકોટ**

કોઠારીયા રોડ પર રણુજા મંદિર પાસે નંદનવન એપાર્ટમેન્ટમાં રહેતા ઈમિટેશનના -વેપારીએ ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતાં પરિવારમાં ગમગીની છ્વાઈ જવા પામી છે. મૃતક યુવાને આર્થિક ભીંસથી કંટાળી આ પગલું ભરી લીધાનું ખુલવા પામ્યું છે. આ અંગે આજીડેમ પોલીસે ઘટના સ્થળે દોડી જઈ વધુ તપાસ તાથ ધરી છે. જાણવા મળતી વિગત મુજબ, કોઠારીયા રોડ પર રણુજા મંદિર પાસે આવેલા નંદનવન એપાર્ટમેન્ટમાં રહેતાં રવિભાઈ જેન્તીલાલ પાલા (ઉ.૪૪) નામના સોની યુવાને આજે સવારે પોતાના ઘરે પંખા સાથે ગઢકાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. ૧૦૮ના સ્ટાફે મૃત જાહેર કરી પોલીસને જાણ કરતાં એંજી ડેમ પોલીસ મથકનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો અને જરૂરી કાર્યવાહી કરી મૃતદેશને પી.એમ.અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે.

પ્રાથમિક તપાસમાં મૃતક રવિભાઈ બે ભાઈ એક બહેનમાં વચેટ અને ઈમીટેશનનો વેપાર કરતાં હતાં તેમના અગાઉ લગ્ન થયા હતાં. પરંતુ બાદમાં છુટાછેડા થઈ ગયા હોવાનું જાણવા મળ્યું છે. પરિવારજનોના જણાવ્યા મુજબ, આર્થિક ભીંસથી કંટાળી તેમણે આ પગલું ભરી લીધાનું જણાવ્યું હતું. આ અંગે આજી ડેમ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# જસદણના પ્રતાપપુર ગામે પૂર્વ પત્નીના પતિની હત્યા કરનાર પૂર્વ પતિને આજીવન કેસની સજા

## છુટાછેડા બાદ પત્નીને ફરી પામવા છરીના ઘા ઝીંકી યુવકનું ઢીમ ઢાળી દીધું'તું



**મુખ્ય સમાચાર, રાજકોટ**

જસદણના પ્રતાપપુર ગામે આશરે ૩૩૦ વર્ષ પૂર્વે છુટાછ બાદ ફરી પત્નીને મેળવવા માટે તેના પતિને મોતને ઘાટ ઉતારનાર નરાધમ શખ્સને રાજકોટની અદાલતે આજીવન કેદને અને દંડ ફટકારતો હુકમ કર્યો છે.

આ અંગેની વિગત મુજબ જસદણ તાલુકાના પ્રતાપપુર ગામે રહેતો કમલેશ મોહનભાઈ ચાવડા નામના યુવાનની અમરેલી જિલ્લાના વડીયા ગામના યશવંત મહેશ મકવાણા નામના શખ્સે તા.૧૬-૮-૨૨ના રોજ હત્યા કર્યા અંગેની મૃતક કમલેશ ચાવડાના ભાઈ વિનોદભાઈ ચાવડાએ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસ ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે આરોપી યશવંત મહેશ મકવાણા નામના યુવાનને પોતાની પત્નીને બેઠક બનાવનાર દોઢેક માસ પહેલા છુટાછેડા આપી દીધા હોય બાદ તે મહિલા સાથે કમલેશ મોહનભાઈ ચાવડા નામના યુવાને તા.૧૫-૮-૨૨ ના રોજ લગ્ન કરી લીધા હોય આ લગ્નથી યશવંત મકવાણાને સારું ન લાગતા પોતાની પત્નીને પરત લઈ આવવા માગતા યશવંત મકવાણા એ કમલેશને

પોતાના ઘરે બોલાવી છરીના કાજી કી મોતને ઘાટ ઉતારીયા નું ખૂલતા તેની ધરપકડ કરી હતી પોલીસ તપાસ પૂર્ણ થતા તપાસનીશ દ્વારા અદાલતમાં ચાર્જસીટ રજૂ કરવામાં આવ્યું હતું. જે કેસ ચાલવા ઉપર આવતા બંને પક્ષની રજુઆત બાદ સરકાર પક્ષે રોકાયેલા વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો અને ટાંકેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓ ધ્યાને લઈ અધિક સેશન્સ જજ આઈ.બી. પઠાણએ આરોપી યશવત ઉર્ફે અશિવન મહેશભાઈ મકવાણાને હત્યાના કેસમાં તકસીરવાન ઠરાવી આજીવન કેદની સજા અને રૂ.૧૫,૦૦૦ નો દડ ફરમાવેલ છે. આ કેસમા સરકાર તરફે જિલ્લા સરકારી વકિલ સજયભાઈ કે. વોરા રોકાયેલા હતા.

# શહેરમાં અખબાર વિતરક સહિત બે લોકોના હદયરોગના હુમલાથી મોત

## યુવાન અને પ્રૌઢને આવેલો હાર્ટએટેક જીવલેણ નિવડતા પરિવારમાં શોક



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં વધુ બે લોકોના હ્રદયરોગના હુમલાથી મોત નીપજ્યા છે. જેમાં ચુનારાવાડ વિસ્તારમાં અખબાર વિતરક અને રાવકીમાં પ્રૌઢનું મોત નીપજ્યતા પરિવારરમાં શોકની લાગણી પ્રસરી છે.

આ અંગે જાણવા મળતી વિગત મુજબ શહેરમાં ચુનારાવાડ વિસ્તારમાં રહેતા અખબાર વિતરક દિનેશભાઈ રાણાભાઈ ચૌહાણ (ઉ.વ.૪૩) સવારના સાડા ચારેક વાગ્યના અરસામાં પોતાના ઘરે હતા ત્યારે બેભાન હાલતમાં ઢળી પડતા તાત્કાલીક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જયા ફરજ પરના તબીબે જોઈ તપાસી યુવકનું હ્રદયરોગના હુમલાથી મોત નીપજ્યુ હોવાનુ જાહેર કરતા પરિવારમાં શોકની લાગણી પ્રસરી છે. પ્રાથમિક તપાસમાં મૃતક યુવાન ત્રણ ભાઈ એક બહેનમાં વચેટ હતો અને તેને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી હોવાનુ જાણવા મળ્યુ છે. બીજા બનાવમાં શહેની ભાગોળે આવેલા લોધીકાના રાવકી ગામે રહેતા સુભાજીતભાઈ રામક્રિષ્નાભાઈ ચૌહાણ (ઉ.વ.૪૬) પોતાના ઘરે હતા. ત્યારે વહેલી સવારે ૬ વાગ્યાના અરસામાં હ્રદયરોગનો હુમલો આવતા તાત્કાલીક સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જયા તેમનુ મોત નીપજતા ગમગીની છવાઈ જવા પામી હતી. પ્રાથમિક તપાસમાં મૃતક પ્રૌઢ મુળ ઉતર પ્રદેશના વતની હતા અને બે ભાઈ ત્રણ બહેનમાં નાના હતા. તેમને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી હોવાનુ સામે આવ્યુ છે. ઉપરોક્ત બંને બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# પરસ્ત્રી સાથે સંબંધ ધરાવતા પતિએ દારૂના નશામાં પત્નીને માર માર્યો

## ૧૫ વર્ષથી ત્રાસ ગુજારતા પતિએ તુ ગમતી નથી અહીંથી ચાલી જા તેમ કહી ધોકા વાળી કર્યાનો આરોપ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રેલનગર વિસ્તારમાં આવેલ સંતોષીનગરમાં રહેતી પરિણીતાને પતિ દારૂની કૂટેવ અને પરસ્ત્રી સાથેના આડા સંબંધના કારણે છેલ્લા ૧૫ વર્ષથી ત્રાસ આપી તુ ગમતી નથી અહીંથી ચાલી જા તેમ કહી ધોકા વડે માર માર્યો હોવાના આક્ષેપ સાથે પરિણીતાને સારવાર માટે ખસેડવામાં આવી હતી.



આ અંગે જાણવા મળતી વિગત મુજબ રેલનગર વિસ્તારમાં આવેલ સંતોષીનગરમાં રહેતા ભાનુબેન પાચાભાઈ સરીયા નામની ૪૦ વર્ષની પરિણીતા પોતાના ઘરે હતી ત્યારે પતિ પાચા સરીયાએ ઝઘડો કરી ધોકા વડે માર માર્યો હતો. પરિણીતાને ઈજા પહોંચતા સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. પ્રાથમિક પૂછપરછમાં ભાનુબેનના ૨૦ વર્ષ પૂર્વ લગ્ન થયા છે અને તેણીને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. પતિને પરસ્ત્રી સાથે આડા સંબંધ છે અને ૧૫ વર્ષથી દારૂ પી ત્રાસ આપી મારકૂટ કરે છે. ગઈકાલે દારૂના નશામાં પતિએ તુ ગમતી નથી અહીંથી ચાલી જા તેમ કહી માર માર્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આક્ષેપના પગલે પ્ર.નગર પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# પછાતવર્ગના મનપા કર્મચારી મંડળ દ્વારા ડો. આંબેડકરના મહાપરિનિર્માણ દિવસ નિમિતે શ્રદ્ધાંજલી સભા

**મુખ્ય સમાચાર, રાજકોટ**



ભારતના સંવિધાનથી ભારત દેશને જે સર્વોચ્ચ લોકશાહી અર્પણ કરેલ છે. જેના કારણે આજે ડો. આંબેડકર સાહેબ વિશ્વમાં 'સિમ્બોલ ઓફ નોલેજ' તરીકે પ્રસ્થાપિત થયા છે. મહાન માર્ગદાતા, ભારતરત્ન ડો. ભીમરાવ આંબેડકરને આજે પણ દેશનો દરેક નાગરિક ભૂલી શક્યો નથી. તેમની યાદગીરી સ્વરૂપે ભારતરત્ન ડો.આંબેડકર સાહેબના ૬૯ માં મહાપરિનિર્માણ દિવસે પછાતવર્ગ મ્યુનિસિપલ કર્મચારી મંડળ-રાજકોટ દ્વારા તા.૦૬/૧૨ને શનિવારના રોજ સાંજે ૦૫:૩૦ કલાકે, સ્થળ ડો. આંબેડકર પ્રતિમા પરિસર(રાજકોટ સિવિલ હોસ્પિટલ પાસે) રાજકોટ ખાતે શ્રધાંજલિ સભા રાખવામાં આવેલ છે. આ શ્રધ્ધાંજલી કાર્યક્રમમા બાબાસાહેબ ડો.આંબેડકર ની પ્રતિમા પરીસરમા એક હજાર નંગ મિણબતીઓ પ્રગટાવામા આવશે.

અને સામુહિક રીતે બુધ્ધવંદના ની સાથોસાથ પુષ્પાજંલી અર્પણ કરાશે. અને આ કાર્યક્રમમા ઉપસ્થિત રહેનારા ભીમ અનુયાયીઓને માતા રમાબાઈ આબેડકર નુ જીવન ચરીત્ર નું પુસ્તક દરેકને વિના મુલ્યે સપ્રેમ ભેટ આપવામાં આવશે. ઉપરિયળ રહેવા આ શ્રધાંજલિ સભાના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા કેન્દ્ર સરકાર, રાજ્ય સરકારના જુદા-જુદા વિભાગો, એકમો,બોર્ડ-નિગમો, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, કોર્પોરેશન રેલ્વે, બેંક, વીમા-ઈન્સ્યુરન્સ, ટપાલ-ટેલીકોમના તમામ વર્ગના કર્મચારીઓ, યુનિયનો તેમજ સામાજિક સંગઠનો, ટ્રસ્ટો, મંડળો, સંસ્થાઓને તમામ શ્રેણીઓના પદાધિકારીઓ અને પેન્શનરો તેમજ વિવિધ સોસાયટી-વિસ્તારોના આગેવાનો તથા સામાજિક કાર્યકર્તાઓ તથા ડોક્ટર / એન્જીનિયરો / વકીલો તથા મિશનના તમામ સાથીઓને અપીલ કરાઈ છે. આ માટે યુનિયનના આગેવાનો અશોક રાઠોડ, અશોક સોલંકી, જેન્તી વાણીયા, વિરલ ચાવડા. ડી.કે. સિંધવ, મહેન્દ્ર ભોજાણી. મહેશ મકવાણા, આર.જે.પરમાર, નરેન્દ્ર પરમાર, કમલેશ સોલંકી, ગીરીશ વાઘેલા, વિનોદ ચાવડા, અશ્વિન વાઘેલા, દિપક જાદવ, પ્રકાશ મકવાણા, દીપક સોલંકી, વિરેન્દ્ર મુલિયાણા, ટીમાણીયા હસમુખ વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.